પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક
www.panchmahalsamachar.com

# પંચમહાલ સમાચાર

E-mail : panchmahalsamachar@gmail.com
Panchmahal Samachar Daily News
RNI NO:- 67073/97
વર્ષઃ૨૪, અંકઃ૧૭૦, કુલ પાનાઃ૪, તારીખઃ ૧૩-૦૩-૨૦૨૧ શનિવાર, કિંમત રૂ.૧.૫૦/-, VOLUME/YEAR : 24, ISSUE : 170 PRICE :-RS. 1.50 DATE : 13-03-2021
EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL(GUJARAT)
PRINTED AT: PANCHMAHAL PRESS, MODINI VADI NO-1, STATION ROAD,GODHRA.(PMS) MOBILE : 9429052627 (02672-243351)
Whatsapp No.9712880678
પંચમહાલ સમાચાર ઈ-પેપર જોવા વોટ્સએપ પર નામ લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

### આઝાદીનો અમૃત મહોત્સવઃ વડાપ્રધાન મોદીએ દાંડીયાત્રાને પ્રસ્થાન કરાવી

## પ્રધાનમંત્રીએ જણાવ્યો મીઠાનો અર્થ- મીઠું શ્રમ અને સમાનતાનું પ્રતિક

અમદાવાદ,
ભારતની આઝાદીના ૭૫મા વર્ષે અમદાવાદના ગાંધી આશ્રમ ખાતે આઝાદી કા અમૃત મહોત્સવ ઉજવણી શરૂ થઈ ગઈ છે.પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ સાબરમતી આશ્રમથી દાંડીયાત્રાને પ્રસ્થાન કરાવીને આઝાદીના અમૃત મહોત્સવની ઉજવણીનો પ્રારંભ કરાવ્યો હતો. અમદાવાદ એરપોર્ટ પર ગુજરાતના પનોતા પુત્ર પીએમ નરેન્દ્ર મોદીનું ઉમળકાભેર સ્વાગત કરાયું હતું. જે બાદ પીએમ મોદીનો કાફલો એરપોર્ટથી સીધા ગાંધી આશ્રમ પહોંચ્યો હતો. ગાંધી આશ્રમ પહોંચીને પીએમ નરેન્દ્ર મોદીએ ગાંધીજીની પ્રતિમાને સુતરની આંટી પહેરાવી હતી. ત્યાર બાદ બોલિવૂડ સિંગર હરિહરન અને ઝુબિન નોટિયાલે પર્ફોર્મન્સ કર્યું





હતું. જ્યારે પીએમ મોદીએ આઝાદીનો અમૃત મહોત્સવ વેબસાઈટ લોન્ચ કરી હતી. વડાપ્રધાન મોદીએ આઝાદીના અમૃત મહોત્સવમાં ભાગ લીધો હતો. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સાબરમતી આશ્રમમાં મહાત્મા ગાંધીજીની પ્રતિમાને પુષ્પાંજલિ આપી હતી. પીએમ મોદીએ સાબરમતી આશ્રમમાં વિઝીટર બુકમાં નોંધ પણ લખી હતી. દાંડી માર્ચના ૯૧ વર્ષ અને આઝાદીના ૭૫માં વર્ષને કેન્દ્ર સરકારે 'આઝાદીના અમૃત મહોત્સવ' તરીકે ઉજવવાનું નક્કી કર્યું છે.

હાલ પીએમ મોદી સાથે મુખ્યમંત્રી રૂપાણી, રાજ્યપાલ દેવવ્રત આચાર્ય અને સી.આર.પાટીલ પણ ઉપસ્થિત હતા. જાણીતા બોલિવૂડ સિંગર ઝુબિન નોટિયાલે દાંડી યાત્રા માટેનું ગીત ગાયું હતું.

વડાપ્રધાન મોદીએ કહ્યું કે આ ઊજવણીમાં લોકભાગીદારી ખૂબ મહત્વની છે. પીએમ મોદીએ જણાવ્યું કે જનજન સુધી આ ચળવળને લઈ જવા માટે શાળા કૉલેજોએ પણ જોડાવું જોઈએ.

તેમણે કહ્યું, નાગરિકાનાં મૌલિક વિચારોથી અગણિત આઈડિયા બહાર આવશે. કેટલીક વાતો જનભાગીદારીથી બહાર આવશે. દેશનો કોઈ એવો નાગરિક ન હોવો જોઈએ જે અમૃત મહોત્સવથી જોડાયેલો ન હોય. પ્રધાનમંત્રી મોદીએ સભાને સંબોધતા જણાવ્યું કે, આજે આઝાદી અમૃત મહોત્સવનો પહેલો દિવસ છે. આ અમૃત મહોત્સવ ૧૫ ઓગસ્ટ ૨૦૨૩ સુધી ચાલશે. આઝાદીનો અમૃત મહોત્સવ એટલે- સ્વતંત્રતાની ઉર્જાનો અમૃત. આઝાદીનો અમૃત મહોત્સવ એટલે- સ્વાતંત્ર્ય સેનાનીઓના પ્રેરણાનું અમૃત. આઝાદીનો અમૃત મહોત્સવ એટલે- નવા વિચારોનું અમૃત, નવા સંકલ્પોનું અમૃત. આઝાદીનો અમૃત મહોત્સવ એટલે- આત્મનિર્ભરતાનું અમૃત. આપણા દેશમાં મીઠાને ક્યારેય તેની કિંમતથી નથી આંકવામાં આવ્યું. આપણા દેશમાં મીઠાનો અર્થ છે- પ્રામાણિકતા.

આપણા દેશમાં મીઠાનો અર્થ છે – વિશ્વાસ. આપણા દેશમાં મીઠાનો અર્થ છે – વફાદારી. આપણે આજે પણ કહીએ છીએ કે આપણે દેશનું મીઠું ખાધું છે. આ એટલા માટે નથી કારણ કે મીઠું ખૂબ મૂલ્યવાન વસ્તુ છે. આનું કારણ એ છે કે મીઠું આપણા દેશમાં શ્રમ અને સમાનતાનું પ્રતિક છે. ૧૮૫૭ નો સ્વતંત્રતા સંગ્રામ, મહાત્મા ગાંધીનું વિદેશથી પાછા ફરવું, દેશને સત્યાગ્રહની શક્તિની ફરી યાદ અપાવવી, લોકમાન્ય તિલકની સંપૂર્ણ સ્વરાજયનું આહ્વાન, નેતાજી સુભાષચંદ્ર બોઝના નેતૃત્વમાં આઝાદ હિન્દ ફૌજની દિલ્હી માર્ચ, દિલ્હી ચલોનું સૂત્ર કોણ ભૂલી શકે છે. દાંડીયાત્રાના ૯૧માં વર્ષની ઉજવણી દરમિયાન પીએમ મોદીએ દાંડીયાત્રાને પ્રસ્થાન કરાવ્યું હતું.

### ૧૦ સોસાયટીના લોકોને નીકળવાની મનાઈ

મોદીની મુલાકાતને લઈ વહેલી સવારથી જ સુભાષબ્રિજથી ગાંધી આશ્રમનો રોડ અને વાડજથી સુભાષબ્રિજ સુધીનો રોડ બંધ કરી દેવામાં આવ્યો હતો. સમગ્ર રોડ પર ચુસ્ત પોલીસ-બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો હતો. સુભાષબ્રિજથી ગાંધીઆશ્રમ સુધીના રોડ પર માત્ર પોલીસ જ પોલીસ હતી. આસપાસની ૧૦ સોસાયટીના લોકોને પણ બહાર નીકળવાની મનાઈ ફરમાવવામાં આવી હતી. કોઈને પણ સુભાષબ્રિજથી ગાંધીઆશ્રમ તરફ જવા દેવામાં આવતા ન હતા.

### સાબરમતી આશ્રમની વિઝીટર બુકમાં PMનો સંદેશ

પુણ્યસ્થળે આવીને ધન્યતા અનુભવું છું. અહીં આવીને ત્યાગ અને તપની ભાવના વધે છે. બાપૂના આશીર્વાદથી અમૃત મહોત્સવનો ઉદેશ્ય પૂર્ણ થશે. આશ્રમમાં આવીને રાષ્ટ્રનિર્માણનો સંકલ્પ મજબૂત થાય છે. અહીં ગાંધીજીએ આત્મનિર્ભરતાનો સંદેશ આપ્યો હતો.

ગાંધીઆશ્રમથી ૮૧ પદયાત્રીઓની દાંડીકૂચ શરૂ કરી હતી. ૬ એપ્રિલ સુધી ચાલશે દાંડીયાત્રા. આઝાદીના અમૃત મહોત્સવનો પ્રારંભ કરાયો.

## ગાંધી આશ્રમમાં અફરાતફરી : જો એન્ટ્રી જ નહોતી આપવી તો આંમત્રણ શું કામ આપ્યું

અમદાવાદ,
ભારતની આઝાદીના ૭૫મા વર્ષે અમદાવાદના ગાંધી આશ્રમ ખાતે આઝાદી કા અમૃત મહોત્સવ ઉજવણીમાં વડાપ્રધાન મોદી ભાગ લેશે. પીએમ મોદી ગણતરીની મીનિટમાં અમદાવાદ એરપોર્ટ પર પહોંચશે. બીજી તરફ, વહેલી સવારથી રાજ્ય તેમજ દેશના ખૂણે ખૂણેથી લોકો ગાંધી આશ્રમ આવી રહ્યા છે. ત્યારે સભાનો ડોમ ભરાઈ જતાં લોકોને બહાર કાઢતાં આક્રોશનો માહોલ ફેલાયો હતો. પોલીસ સાથે



ઘર્ષણ થતાં લોકોએ કહ્યું, ધારાસભ્યો બસો ભરી ભરી લઈ આવ્યા, પણ આશ્રમમાં એન્ટ્રી નથી મળી, તો આમંત્રણ જ શું કામ આપ્યું. સાબરકાંઠાથી આવેલા ૫૦થી ૬૦ લોકોને અભયઘાટના ગેટથી જ ધકેલી દીધા હતા, જેને કારણે કાર્યકરોમાં રોષનો માહોલ જોવા મળી રહ્યો છે.

પોલીસ દ્વારા તમામને સમજાવવાના પ્રયાસો કરાયા હતા. ત્યાર બાદ કેટલાકને બત્રીસી હોલમાં બેસાડ્યા છે. સાણંદ, તલોદ જેવા અલગ અલગ જગ્યાએથી આવેલા લોકોને પણ પરત મોકલવામાં આવી રહ્યા છે. સાબરકાંઠાથી આવેલા લોકોએ ટીડીઓને ફોન કરીને ખખડાવ્યા છે. એક કાર્યકરે કહ્યું હતું કે અમને આટલા દૂરથી બધી તૈયારી કરીને પાસ ચકાસીને મોકલ્યા અને હવે તમે ના પડો છો, સાથે બીજા કાર્યકારે પોલીસને કહ્યું, ગાંધીજીના કાર્યક્રમમાં જ આવી રીતે રોકવામાં આવે છે તો હવે કોઈને કઈ કહેવા જેવું નથી. પોલીસે તમામને આશ્રમની બાજુના બત્રીસી ભવનમાં બેસાડ્યા. વડાપ્રધાનના આઝાદીનો અમૃત મહોત્સવ કાર્યક્રમમાં ભાગ લેવા અનેક લોકો પહોંચ્યા છે, જેમાં ભાજપના નેતાઓ અને કાર્યકર્તાઓ પણ આવ્યા છે; ત્યારે ઈસનપુરનાં ભાજપના મહિલા કોર્પોરેટર મોના રાવલ માસ્ક વિના જોવા મળ્યાં હતાં. કોરોના કેસ વધતાં તંત્ર વધારે સજજ થયું છે; ત્યારે ભાજપનાં કોર્પોરેટર માસ્ક વિના કાર્યક્રમમાં પ્રવેશતાં જોવા મળ્યાં છે.

## કોરોનાકાળમાં પ્રથમ વખત પ્રાથમિક શાળાઓમાં વિધાર્થીઓની પ્રત્યક્ષ પરીક્ષા લેવાશે

ગાંધીનગર,
કોરોના સંકટ વચ્ચે રાજયની પ્રાથમિક શાળાઓમાં આગામી સોમવાર તા. ૧૫ મીથી ધો.૩ થી ૮ નાં વિધાર્થીઓની સત્રાંત પરીક્ષા લેવા માટેની તૈયારીઓ થઈ રહી છે. કોરોનાકાળમાં પ્રથમ વખત પ્રાથમિક શાળાઓમાં વિધાર્થીઓની પ્રત્યક્ષ પરીક્ષા લેવામાં આવી રહી છે. કોવિડ લાઈનનું પાલન કરીને પરીક્ષા લેવામાં આવશે. પ્રાથમિક શાળાઓમાં ધો.૬ થી ૮માં પ્રત્યક્ષ શિક્ષણ શરૂ કરવામાં આવ્યા બાદ રાજકોટ જિલ્લામાં વિધાર્થીઓની સંખ્યા સતત વધી રહી છે ગ્રામ્ય વિસ્તારની શાળાઓમાં ૬૫ થી ૭૦ ટકા હાજરી જોવા મળી રહી છે.

રાજકોટ જિલ્લામાં આશરે ૮૦૦ જેટલી શાળાઓમાં શિક્ષણ કાર્ય શરૂ થયુ છે. જો કે હજુ સુધી કોઈ શાળામાં કોરોનાનું સંક્રમણ થયાનાં અહેવાલો તંત્રને મળ્યા નથી. ઓન લાઈન અને ઓફ લાઈન અભ્યાસ ચાલે છે તેનું મુલ્યાંકન કરવાનાં આશયની નિદાન કસોટી લેવામાં આવશે. રાજકોટ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીનાં જણાવ્યા મુજબ તા. ૧૫ થી ૨૨ માર્ચ સુધી પ્રથમ સત્ર નિદાન કસોટી લેવાશે. સરકારી, ગ્રાન્ટેડ અને સ્વનિર્ભર તમામ શાળાઓમાં પરીક્ષાઓ લેવાશે.

## બંગાળમાં દરેક જિલ્લામાં બોમ્બ ફેક્ટરી, એક શખ્સે કરી RTI

ન્યુ દિલ્હી,
અમિત શાહે મમતા બેનરજી સરકારને નિષ્ફળ ગણાવવા કહેલી વાત તેમને જ ભારે પડી રહી છે. શાહે ઓક્ટોબરમાં એક ટીવી ઈન્ટરવ્યૂમાં દાવો કર્યો હતો કે, મમતા બેનરજીના શાસનમાં બંગાળ બરબાદ થઈ ગયું છે અને કાયદો-વ્યવસ્થા છે જ નહીં, દરેક જિલ્લામાં બોમ્બ બનાવવાની ફેક્ટરી છે.

શાહના આ દાવા પછી આરટીઆઈ એક્ટ હેઠળ અરજી કરીને બંગાળમાં બોમ્બ બનાવવાની કેટલી ફેક્ટરીઓ છે તેની માહિતી ગૃહ મંત્રાલય પાસે માગવામાં આવી હતી. ગહ મંત્રાલયે જવાબ આપ્યો છે કે તેની પાસે બંગાળની બોમ્બ ફેક્ટરીઓ અંગે કોઈ માહિતી નથી. ગૃહ મંત્રાલયે આ માહિતી માટે બંગાળ પોલીસનો સંપર્ક કરવા સલાહ આપી છે.

## મોટાભાગની ઈકોનોમી ૨૦૨૨ સુધી કોરોના પહેલાંનાં સ્તરે આવી શકશે નહીં: મૂડીઝ

ન્યુ દિલ્હી,
મૂડીઝ ઈન્વેસ્ટર્સ સર્વિસે કોરોના પછી વૈશ્વિક ઈકોનોમીની સ્થિતિ અંગે આગાહી કરતા કહ્યું હતું કે, ૨૦૨૨ સુધીમાં મોટાભાગની ઈકોનોમી કોરોના પહેલાંના સ્તરે આવી શકશે નહીં. કોરોનાને કારણે વેપાર ધંધા- ઉદ્યોગોને આપવામાં આવનાર લોન અને ધિરાણમાં આવેલો ઘટાડો અલ્પજીવી છે પણ મોટાભાગની ઈકોનોમી ૨૦૨૨ સુધી કોરોના પહેલાંના સ્તરે આવી શકશે નહીં.




હું એ ૧૧ માર્ચ ૨૦૨૦નાં રોજ કોરોનાને મહામારી જાહેર કરી તે પછી વૈશ્વિક ઈકોનોમીનો ગ્રોથ ખોરવાઈ ગયો છે અને લોન અને ધિરાણમાં ઘટાડો થયો છે. મૂડીઝે તેનાં રિપોર્ટમાં જણાવ્યું હતું કે, ગ્લોબલ રિકવરી ધીમી અને અસ્થિર રહેશે. મેક્રોઈકોનોમિક આઉટલૂકમાં અસ્થિરતા વધારે રહેશે.


વેક્સિનેશનનું પ્રમાણ વધવાની સાથે કોરોનાના સંક્રમણમાં તબક્કાવાર ઘટાડો થતો રહેશે. પરિણામે સરકાર દ્વારા તબક્કાવાર લોકડાઉન હટાવવામાં આવશે. જો કે વાઈરસનાં નવા સ્ટ્રેઈન ચિંતા જન્માવનારા છે પણ આપણે ઓછા કેસ સાથે વાઈરસ સાથે જીવવાનું શીખી લેવું પડશે. મૂડીઝે નોંધ્યું હતું કે કેટલાક દેશોમાં શરૂ કરવામાં આવેલી વેક્સિનેશન ઝુંબેશ ગ્લોબલ ઈકોનોમી માટે રાહતરૂપ પુરવાર થશે નહીં. કેટલાક દેશોમાં વેક્સિનેશનની કામગીરી ઘણી ધીમી છે તેથી સ્થાનિક સ્તરે સંક્રમણ વધી શકે છે.

દરેક દેશ કોરોનાને કાબૂમાં રાખવા કેવા પગલાં લે છે અને કેટલો સફળ રહે છે તે ઉપરાંત દરેક દેશમાં નવી રોજગારીનું કેવી રીતે અને કેટલું સર્જન થાય છે તેનાં પર જીડીપી ગ્રોથનો આધાર છે. અસ્થિર પણ ધીમી રિકવરી વધતા લોન અને ધિરાણ પરનાં જોખમો ઘટયા છે. મૂડીઝે નોંધ્યું હતું કે જુદા જુદા દેશોમાં જોવા મળી રહેલી કે શેપ્ડ રિકવરી સતત ચાલુ રહેવી જોઈએ. કેટલાક સેક્ટર જેવા કે ફૂડ રિટેલ, કોમ્યુનિકેશન અને ગુડ્ઝ શિપિંગમાં કામગીરીનાં નોંધપાત્ર સુધારો થયો છે પણ હોસ્પિટાલિટી તેમજ એર ટ્રાવેલ સેક્ટરની કામગીરી ચિંતાજનક છે. કોરોનાનાં સપાટામાંથી બહાર આવીને ઈકોનોમિક એક્ટિવિટી ગતિ પકડી રહી છે અને રોકાણકારોનું સેન્ટિમેન્ટ સુધરી રહ્યું છે તે જોતા આવતા વર્ષમાં ૧૧ ટકાનો જીડીપી ગ્રોથ રેટ હાંસલ કરી શકાશે તેમ પીએચડી ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા જણાવાયું છે.

## મહારાષ્ટ્રમાં કોરોના વિસ્ફોટ: અકોલામાં લોકડાઉન લાગુ કરાયું

મુંબઈ,
મહારાષ્ટ્રમાં જીવલેણ વાયરસનો કહેર વધી રહ્યો છે. ત્યારે હવે નાગપુર પછી અકોલામાં પણ પૂર્ણ લોકડાઉન લાગુ કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. અકોલામાં શુક્રવાર સાંજે ૮ વાગ્યાથી સોમવાર સવારના ૮ કલાક સુધી લોકડાઉનની જાહેરાત કરવામાં આવી છે. છેલ્લા ઘણા દિવસોથી રાજ્યમાં ઘાતક વાયરસના કેસોમાં વધારો થઈ રહ્યો છે.

નાગપુર, અકોલા સિવાય પુણેમાં પણ નાઈટ કર્ફ્યુ લગાવવામાં આવ્યો છે. પુણેમાં



રાત્રીના ૧૧ કલાકછથી સવારના ૬ વાગ્યા સુછી નાઈટ કર્ફ્યુ લાગુ કરવામાં આવ્યો છે. એટલું જ નહીં ૩૧ માર્ચ સુછી તમામ સ્કૂલ, કોલેજને પણ બંધ કરવાનો આદેશ કરવામાં આવ્યો છે. બીજી તરફ પુણેમાં હોટલ, બાર રાત્રીના ૧૦ વાગ્યાથી સવારના ૬ વાગ્યા સુધી બંધ રહેશે, આજ નિયમ મોલ થિયેટર પર પણ લાગુ પડશે.

મહારાષ્ટ્રમાં જીવલેણ કોરોનાનો પ્રકોપ વકરી રહ્યો હોવાથી રાજ્ય સરકાર ચિંતામાં પડી છે. હવે ગમે તે ઘડીએ લોકડાઉન લાગું કરાય એવા સંકેતો મુખ્ય પ્રધાને આપ્યા છે. લોકોએ આવા સંકટના સમયમાં લાપરવાહી વર્તવી નહિ. કાળજી રાખવી અને કોરોના સંદર્ભના નિયમોને સખતાઈથી પાલન કરવાની અપીલ સુદ્ધા કરી છે.

## નોકરીની માંગ કરનારને કેન્દ્ર સરકાર આપી રહી છે દેશદ્રોહીનું ટેગ: રાહુલ ગાંધી

ન્યુ દિલ્હી,
કોંગ્રેસના પૂર્વ અધ્યક્ષ રાહુલ ગાંધીનો કેન્દ્રની નરેન્દ્ર મોદી સરકાર પર હુમલો યથાવત છે.એક તરફ રાહુલ ગાંધીએ ગુરુવારે વિદેશી ઈન્સ્ટીટ્યૂટની રિપોર્ટના હવાલો આપતા કહ્યું હતુ કે ભારત હવે લોકતાંત્રિક દેશ નથીં રહ્યો. ત્યારે આજે એટલે કે શુક્રવારે તેમણે બેરોજગારીના મુદ્દા પર કેન્દ્ર સરકારને ઘરવાનો પ્રયાસ કર્યો છે. તેમણે ટ્વીટ કરી લખ્યુ કે વિદ્યાર્થીઓને નોકરી જોઈએ છે પરંતુ સરકાર આપી રહી છે પોલીસના ડંડા, વોટર ગનનો મારો, એન્ટી નેશનલનું ટેગ અને બેરોજગારી. આ સાથે રાહુલ ગાંધીએ સ્ટુડેન્ટ્સ વોન્ટ જોબ્સ. એટલે કે વિદ્યાર્થીઓને નોકરી જોઈએનું હેશટેગ પણ લગાવવામાં આવ્યું છે. ઉલ્લેખનીય છે કે આ



પહેલા રાહુલે ટ્વિટમાં લખ્યું હતું કે પાકિસ્તાનની રીતે ભારત પણ ઓટોક્રેટિક છે, અને ભારતની સ્થિતિ તો બાંગ્લાદેશ કરતા પણ ખરાબ છે, આમાં સ્વીડનની ઈન્સ્ટિટ્યૂટ ઓફ ડેમોક્રસી રિપોર્ટનો સન્દર્ભ ટાંકવામાં આવ્યો હતો. કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ આજે કેન્દ્રની મોદી સરકારની સામે વધુ એક વાર મોરચો ખોલીને પ્રહારો કર્યા છે, આ વખતે ટ્વીટરમાં એક વિદેશી ઈન્સ્ટિટ્યૂટની રિપોર્ટને ટાંકવામાં આવી છે જેમાં કહેવામાં આવ્યું છે કે ભારત હવે ઈલેક્ટોરલ ડેમોક્રસી નથી રહ્યું.









મહિસાગર આવૃત્તિ
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા
પંચમહાલ સમાચાર

### આઝાદી કા અમૃત મહોત્સવ દેશની આઝાદીના ૭૫ વર્ષની રાષ્ટ્ર-રાજય વ્યાપી ઉજવણી અંતર્ગત

# મહીસાગર જિલ્લાના લુણાવાડા અને સંતરામપુર તાલુકાના માનગઢ હીલ્સ ખાતે ઉજવણીનો શુભારંભ

લુણાવાડા,

ભારતની સ્વતંત્રતા–આઝાદીના ૭૫ વર્ષ પૂર્ણ થવાના ઐતિહાસિક અવસરે INDIA@75 અંતર્ગત ગુજરાતના અમદાવાદ સાબરમતી આશ્રમથી વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના હસ્તે અને મુખ્ય મંત્રી વિજયભાઈ રૂપાણીની ઉપસ્થિતિમાં રાષ્ટ્રને ચેતનાસભર બનાવવાના ભાગરૂપે આઝાદી કા અમૃત મહોત્સવની રાષ્ટ્રવ્યાપી ઉજવણીનો પ્રારંભ કરવામાં આવ્યો છે.


તસ્વીર : કિરન પટેલ, લુણાવાડા

આ ઉજવણી અંતર્ગત મહીસાગર જિલ્લા વહીવટી તંત્ર દ્વારા ગુજરાત રાજય બાળ અધિકાર સંરક્ષણ આયોગના અધ્યક્ષા મતી જાગૃતિબેન પંડયાના અધ્યક્ષ સ્થાને બાવન પાટીદાર સમાજ ઘર લુણાવાડા તેમજ સંતરામપુર તાલુકાના માનગઢ હીલ્સ ખાતે આઝાદી ના અમૃત મહોત્સવનો મહાનુભાવોની ઉપસ્થિતિમાં દિપપ્રાગટય અને સર્વધર્મ પ્રાર્થનાથી શુભારંભ કરવામાં આવ્યો હતો.

આજના ઐતિહાસિક દિને મહાનુભાવો દ્વારા ગાંધીકુટિર ખાતે મહાત્મા ગાંધીજીની પ્રતિમાને સુતરની આંટી પહેરાવી ભાવાંજલી અર્પણ કરવામાં આવ્યા બાદ, ગાંધીકુટિરથી બાઈકરેલીનું પ્રસ્થાન કરાવવામાં આવ્યું હતુ જે લુણેશ્વર ચોકડી થઈ બાવન પાટીદાર સમાજઘર ખાતે પહોંચી હતી. આ સમારંભમાં બાળ અધિકાર સંરક્ષણ આયોગના અધ્યક્ષા મતી પંડયાએ ભારતની આઝાદીમાં મહામુલૂ યોગદાન આપનાર સ્વાતંત્ર્યવીરોના બલિદાનને યાદ કરતાં ભારતમાતાને ગુલામીની જંઝીરોમાંથી મુકત કરાવવા માટે, જિંદગીભર ઝુઝારૂ એવા વીર સાવરકર કે શ્યામજી કૃષ્ણ વર્મા જેવા અનેક ક્રાંતિકારી દેશભકતો હોય કે વિશ્વમાં પહેલીવાર, અહિંસાના શસ્ત્રથી આઝાદીની લડત માટે દેશવાસીઓમાં ચેતનાનો જુવાળ જગાવનારા, મહાત્મા ગાંધી–સરદાર પટેલ જેવા દેશ નેતાઓ હોય કે ઝવેરચંદ મેઘાણી જેવા રાષ્ટ્રીય શાયરે રચેલી અને ગાયેલી કવિતાઓમાં, અનેક અનામી લાડકવાયા–નવલોહિયાની કુરબાનીઓની કથા હોય – આઝાદીના અનેક નામી–અનામી લડવૈયાઓને આ પવિત્ર પળે નતમસ્તકે વંદન કર્યા હતા. લુણાવાડા ધારાસભ્ય જીગ્નેશભાઈ સેવકએ પ્રાસંગિક પ્રવચનમાં દેશની આઝાદીના ૭૫ વર્ષની ઉજવણીના ઉપલક્ષ્યમાં આઝાદી કા અમૃત મહોત્સવ આપણને આપણા કર્તવ્યભાવની પ્રેરણા આપે છે.તેમ જણાવતાં મહીસાગર જિલ્લાના માનગઢ સહિત સ્વરાજની લડતમાં ગુજરાતનું યોગદાન સૌથી મોખરે રહ્યું છે અને તેનો ઈતિહાસ સુવર્ણ પૃષ્ઠોથી અંકિત છે.

આ સમારંભમાં મહીસાગર જિલ્લા કલેકટર આર.બી.બારડ, જિલ્લા વિકાસ અધિકારી નેહાકુમારી,લુણાવાડા પાલિકા પ્રમુખમતિ બ્રિન્દાબેન શુકલા,અગ્રણી પ્રદીપસિંહ રાઠોડ,નાયબ જિલ્લા વિકાસ અધિકારી ચંદ્રિકાબેન ભાભોર,લુણાવાડા મામલતદાર સહિતનાગરિકો કોવિડ–૧૯ ની ગાઈડલાઈન અનુસરીને ઉપસ્થિત રહયાં હતા.

આ સમારંભના પ્રારંભે પ્રાંત અધિકારી મોડિયાએ શાબ્દિક સ્વાગત કર્યુ હતું. તેમજ પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીની પ્રેરક ઉપસ્થિતિમાં અમદાવાદ સાબરમતી આશ્રમથી આઝાદીના અમૃત મહોત્સવ કાર્યક્રમનું જીવંત પ્રસારણ સૌએ નિહાળ્યું હતુ.

સંતરામપુર ધારાસભ્ય કુબેરભાઈ ડિંડોર,અધિક નિવાસી કલેકટર આર.આર. ઠકકર સહિત મહાનુભાવોની ઉપસ્થિતિમાં શ્રદ્ધેય ગોવિંદગુરૂ પ્રત્યેની આદિવાસીઓની આસ્થા, શ્રદ્ધા અને શૂરવીર–શહાદતનું પવિત્ર સ્થાન સમા મહીસાગર જિલ્લાના ઐતિહાસિક માનગઢ હિલ્સ ખાતે માનગઢ ક્રાંતિના શહિદ વીરોને શ્રદ્ધા સુમન અર્પણ કરાયાં હતા. સાથે સાથે આઝાદી કા અમૃત મહોત્સવની ગરીમાસભર ઉજવણી કરવા સંકલ્પબદ્ધતા વ્યકત કરી હતી.

## ઘોઘંબાના વૈજનાથ મહાદેવ મંદિરમાં શિવભકતો દ્વારા હર હર ભોલે નાથ સાથે શિવરાત્રી પર્વની ઉજવણી

ઘોઘંબા,

ઘોઘંબા નજીકથી પસાર થતી કરાડ નદીની બાજુમાં આવેલું આ શિવાલય અને કલાત્મક અને અષ્ટકોણ બાંધણીને લઈને દ્વાદશ શિવલિંગ અને ભકતો માટે આસ્થાનું કેન્દ્ર બન્યું છે. ઘોઘંબામાં વૈજનાથ મહાદેવ મંદિરનું નિર્માણ રાવળના સમયમાં થયેલ છે. પાવાગઢના વનવિસ્તારમાં સાધના માટે બિરાજેલ વિશ્વામિત્ર ઋષિના મહત્વમાં જે શિવાલયનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. આ મંદિરનું મહત્વ જાણવા મળ્યું છે કે પુરાતન કાળમાં એક ભરવાડની ગાય આ સ્થળે પોતાના આંચળમાંથી દૂધ વહેવડાવી અભિષેક કરતી હતી.પરિણામે આ સ્થળે શિવ અને શક્તિનું પ્રાગટય થયું.પતઈ રાવળના જમાનામાં નિર્માણાધીન મહાદેવની બાંધણીમાં ઘુમ્મટ ઉપરાંત ગણેશજી


તસ્વીર : યોગેશ કનોજીયા, ઘોઘંબા

અને હનુમાનજીની મૂર્તિ સ્થાપવામાં આવી છે.શિવલિંગ હિમાલયમાં બિરાજમાન કેદારેશ્વર આકારનું છે તેમાં ટાંકણી પડે તો પણ અવાજ સંભળાય છે.

વૈજનાથ નામ પાછળ એક ઘટના છે, ચાપાનેરમાં એક વૈધને કોડ નીકળ્યા.તેમણે માતાજીને પ્રગટ કર્યા બાદ માતાજીએ આદેશ આપ્યો કે ઘોઘંબાના શિવાલયમાં જાઓ અને તેમને પ્રસન્ન કરો. તમારા કોઢ મટી જશે અને વૈદ્ય દ્વારા પૂજા અર્ચના બાદ કોડ નીકળી ગયા. ત્યારથી આ શિવાલય વૈધનાથ પ્રખ્યાત થયુ.

આ સાથે શિવરાત્રીનું મહાપર્વનો ખૂબ જ મહત્વ વર્ણવાયું છે. મહાશિવરાત્રિ એ ભારતના ઉજવાતા મુખ્ય તહેવારોમાંથી એક છે. હિન્દુ ભક્તોમાં ખૂબ જ આસ્થા અને ઉત્સાહ સાથે શિવજીની આરાધના અને ઉપાસના કરવામાં આવે છે. જે દિવસે ભગવાન શિવ અને માતા પાર્વતીના લગ્ન થયા તે દિવસને શિવરાત્રી તરીકે ઉજવવામાં આવે છે. હિન્દુ મહિનાઓ મુજબ મહા મહિનાની કૃષ્ણ પક્ષની તેરસના રોજ આ પર્વની ઉજવણી થાય છે. સમગ્ર હિન્દુ સમાજમાં શિવરાત્રીની અને ભકિતભાવ અને હર્ષોલ્લાસ સાથે ઉજવણી કરવામાં આવે છે. શિવાલયો ખાતે દિવસોથી શિવરાત્રીની પૂર્વ તૈયારીઓમાં જોવા મળી રહ્યા છે.

શિવરાત્રીના દિવસે ભક્તો ખાસ ઉપવાસ રાખે છે અને શિવાલયોમાં જઈને ખાસ પૂજા–અર્ચનામાં ભાગ લે છે. આ દિવસે ભગવાન શિવની પૂજા કરવાથી મોક્ષની પ્રાપ્તિ હોવાની પણ એક માન્યતા ગણાય છે.ભગવાન શિવની સમક્ષ બેઠા–બેઠા શાંત ચિત્તે શિવ મહિમા, સ્ત્રોત, શિવ સ્તુતિ, મહામૃત્યુંજય જાપ કરવામાં આવે તો ઉત્તમ ફળ પ્રાપ્તિ પણ થાય છે. આ ઉપરાંત હિન્દુ ધર્મમાં પવિત્ર મનાતો ઓમ નમઃ શિવાય મંત્રનો જાપ પણ કરવામાં આવે તો ભગવાન શિવના પવિત્ર આશીર્વાદ મેળવવાના હકદાર બની શકાય છે.

શિવ મહાશિવરાત્રીના રોજ ભૂલથી પણ ઉપવાસ કરવામાં આવે તો તેનો બહુ મોટું પુણ્ય મળે છે અને ભક્ત જનોને મોટા પ્રમાણમાં લાભ થાય છે. મહાશિવરાત્રીના દિવસે ભગવાન શિવને તલ,જવ, કમળ, બીલીપત્ર બીજોરુ લીંબુ ખીર તલ લોટ, દાડમ,કપૂર, અડદ, મગ, શંખપુષ્પ અને બીલીપત્રનો ચઢાવો ચઢાવવામાં આવે છે. આ દિવસે કેટલાક ભક્તો નકોરડા અને નિર્જળા ઉપવાસ પણ કરતા હોય છે. શિવની કૃપાથી દુઃખ દૂર થાય છે અને મોક્ષની પ્રાપ્તિ પણ થાય છે.


## મહીસાગર જિલ્લામાં આજે ૪ પોઝિટિવ કેસ : જિલ્લામાં કોરોનાના કુલ ૨૧૪૧ પોઝીટીવ કેસ નોંધાયા

લુણાવાડા,

કોરોના વાયરસની સામે લડવા કેન્દ્ર અને રાજય સરકારે અગમચેતીનાં સંખ્યાબંધ પગલાંઓ લીધા છે. કોરોના સામે લડવા લોકોની જાગૃતિ એટલી જ જરૂરી છે. જાગૃતિ અને સાવધાની એ જ બચાવનું શ્રેષ્ઠ માધ્યમ સાબિત થયા છે. ત્યારે મહીસાગર જિલ્લા કલેકટર આર. બી. બારડ અને જિલ્લા વિકાસ અધિકારી નેહા કુમારીના સીધા માર્ગદર્શન હેઠળ જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા અનેકવિધ પગલાંઓ ભરવામાં આવી રહ્યા છે. મહીસાગર જિલ્લામાં આજે ખાનપુર તાલુકાના ૦૧ પુરૂષનો, લુણાવાડા તાલુકાની ૦૧ સ્ત્રી અને ૦૧ પુરૂષનો તથા વિરપુર તાલુકાના ૦૧ પુરૂષનો કોરોના રીપોર્ટ પોઝીટીવ આવ્યા છે. આમ, જિલ્લામાં કોરોનાના અત્યાર સુધીમાં એટલે કે તારીખ ૧૨–૦૩–૨૦૨૧ના સાંજના ૪–૩૦ વાગ્યા સુધીમાં ૨૧૪૧ કેસ પોઝીટીવ નોધાયા છે. આજે જિલ્લામાં સારવાર લઈ રહેલા દર્દીઓ પૈકી ખાનપુર તાલુકાની ૦૨ સ્ત્રી અને ૦૧ પુરૂષ તથા વિરપુર તાલુકાની ૦૧ સ્ત્રી દર્દીએ કોરોનાને મ્હાત આપતાં તેમને રજા આપવામાં આવી છે. આમ, જિલ્લામાં અત્યાર સુધીમાં કુલ ૨૦૪૯ દર્દીઓ સ્વસ્થ થઈને સ્વગૃહે પરત ફર્યા છે. જિલ્લામાં કોરોનાના સંક્રમણને કારણે ૯ વ્યક્તિનું મૃત્યુ થયા છે. જયારે અન્ય કારણથી ૩૬ દર્દીનુ મૃત્યુ થતાં જિલ્લામાં કુલ ૪૫ મૃત્યુ નોંધાવા પામ્યા છે. અત્યાર સુધીમાં જિલ્લામાં સીઝનલફલુ/કોરોનાના કુલ ૧૩૭૪૬૭ રીપોર્ટ નેગેટીવ આવ્યા છે. તેમજ જિલ્લાના ૫૮ વ્યક્તિઓને હોમ કવોરોન્ટાઈલ હેઠળ રાખવામાં આવ્યા હોવાનું મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીએ જણાવ્યું છે.

મહીસાગર જિલ્લામાં કોરોના પોઝીટીવના કારણે ૨૦ દર્દી ડીસ્ટ્રીકટ હોસ્પિટલ–લુણાવાડા, ૨૨ દર્દી હોમ આઈસોલેશન અને ૦૫ દર્દી અન્ય જિલ્લા ખાતે સારવાર હેઠળ છે. કોરોના પોઝીટીવ આવેલ દર્દીઓ પૈકી ૩૯ દર્દીઓ સ્ટેબલ અને ૦૮ દર્દીઓ ઓક્સિજન પર છે.

## સંતરામપુરના બુગઢ પ્રા.શાળા દ્વારા ઘરે-ઘરે જઈ શિક્ષણ અપાયું


તસ્વીર : બશીર પઠાણ, સંતરામપુર

સંતરામપુર,

પટેલ ફળિયા વર્ગ લાગતા શાળાના શિક્ષકો દ્વારા હાથ ધરાયેલ અસરકારક શેરી શિક્ષણ શાળ બંધ છે. શિક્ષણ નહિ.બાળકો શાળા સુધી નહિ આવે તો શાળા બાળકો સુધી તો જઈ શકેને વર્તમાન કોરોના કોવીંડ–૧૯ પરિસ્થિતિને દયાને રાખીને સરકારશ્રીના આદેશ અને આયોજન મુજબ મહીસાગર જીલ્લાની સંતરામપુર તાલુકાની ચિતવા પગાર કેન્દ્રની પટેલ ફળિયા વર્ગ બુગઢ પ્રાથમિક શાળાના આચાર્ય રમેશકુમાર બી.ચૌહાણ અને સ્ટાફનાં શિક્ષકો દ્વારા દૈનિક રોટેશન અને ફળિયા મુજબ ઘેર ઘેર જઈને સામાજિક અંતર જાળવીને શૈક્ષણિક કાર્ય કરવવામાં આવી રહ્યું છે. હોમ લર્નિંગ અંતર્ગત એન્ડ્રોઈડ મોબાઈલ ધરાવતા બાળકોને વોટ્સેપ કસોટી અપાવવામાં આવે છે અને જે બાળકો વાલીઓ પાસે એન્ડ્રોઈડ મોબાઈલની સુવિધા નથી એવા બાળકોને શિક્ષકો પોતાના મોબાઈલથી વોટ્સેપ કસોટી અપાવી રહ્યા છે તથા QR કોડ આધારિત અભ્યાસક્રમની સમજ, ડીડી ગિરનાર ચેનલ પર આવતા શૈક્ષણિક કાર્યકમો, યુ ટ્યુબ અને માઈક્રોસોફ્ટ ટીપ્સના માદયમથી વર્ચ્યુઅલ કલાસ દ્વારા બાળકોને ઓનલાઈન શૈક્ષણિક માર્ગદર્શન પણ આપવામાં આવી રહ્યું છે.

## ગોધરા તાલુકાની રાયસિંગપુરા પ્રાથમિક શાળા ખાતે ૯૧ માં ઐતિહાસિક દાંડીયાત્રા દિવસની ઉજવણી

ગોધરા,

તાજેતરમાં ૧૨મી માર્ચ ના રોજ રાયસિંગપુરા પ્રાથમિક શાળા તા. ગોધરા ખાતે ઐતિહાસિક દાંડીયાત્રા દિવસની ઉજવણી કરવામા આવી હતી. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી સાહેબના આઝાદીના મહોત્સવ કાર્યકમ અંતગત વિવિધ ઉજવણીના ભાગરૂપે તાજેતરમાં ઐતિહાસિક પ્રતીક દાંડીયાત્રાનું આયોજન શાળા ખાતે કરવામા આવ્યુ હતું. ૧૯૩૦માં ગાંધીજીએ કરેલા આઝાદીના સહુથી મોટા સત્યાગ્રહ દાંડીકૂચને આજે ૯૧ વર્ષ પુરા થાય છે અને ભારત સરકારના આઝાદીના અમ્રુત મહોત્સવ કાર્યક્રમની ઉજવણીના ભાગરૂપે આ શાળાના શિક્ષક અને ૧૯૯૮ની પુનઃ સ્મરણ દાંડીકૂચના સહભાગી યાત્રી મહેન્દ્રકુમાર .ડી. પરમારની આગેવાનીમાં આ પ્રતીક યાત્રા રાયસિંગપુરા ગામમાં મુખ્ય માર્ગો ઉપર ફરી હતી. યાત્રા ગ્રામ પંચાયતે પહોચી ત્યારે ગ્રામજનો અને દૂધ ડેરી તરફથી યોગેશ રાઠોડ અને સાથીઓ દ્વારા ફુલહારથી સ્વાગત કર્યુ હતુ. રાણીપુરા ગામમાં શિક્ષિકા બહેન સરસ્વતીબેન સંગાડાએ ગાંધીજીના વેશમાં વિદ્યાર્થીને સૂત્રમાલા પહેરાવી દાંડીકૂચનું ભવ્ય સ્વાગત કર્યુ હતું. ગામમાં યાત્રા દરમિયાન બેટી બચાવો, કન્યા શિક્ષણ, રક્તપિત્ત નિવારણ, સ્વચ્છતા, ગાંધી વિચાર જેવા વિષયો ઉપર સૂત્રો પોકાર્યા હતા અને વિદ્યાર્થીઓએ ગાંધીજી અને સાથીઓની વેશભુષા કરી ત્યારે



અદ્ભૂત દ્રશ્યો સર્જાયા હતા. આ કાર્યક્રમમાં શાળાના આચાર્ય દીગેશભાઈ દરજી સહિત ચંદુભાઈ તાવિયાડ, જતીનભાઈ પાઠક, દલપતભાઈ બારીયા સહિતના શિક્ષકોએ ભારે જહેમત ઉઠાવી હતી. આચાર્ય એ ગાંધીજીના રોલમાં વિદ્યાર્થીનું ફુલહારથી સ્વાગત કર્યુ હતું.આ પ્રસંગે ઐતિહાસિક દાંડીકૂચ વિશે શાળાના શિક્ષક મહેન્દ્ર પરમારે માહિતી આપી પોતે દાંડીકૂચમાં જોડાયા તે વખતના સંસ્મરણો વાગોડ્યા હતા. આ યાત્રામાં ગામના અગ્રગણ્યશ્રી દેવેંદ્રસિંહ રાઠોડ, સૂરપાલસિંહ રાઠોડ, યોગેશ રાઠોડ, પ્રવીણસિંહ રાઠોડ તથા સતકૈવલ મંદીરના મહંતશ્રી સામંતસિંહ રાઠોડ જેવા અનેક લોકોએ હાજરી આપી યાત્રાનું ભવ્ય સ્વાગત કર્યુ હતું. કુલ ૨૬ દિવસ ચાલેલી અને ૩૮૧ કી.મી ની અમદાવાદ સાબરમતી આશ્રમથી નવસારીના દરિયા કાંઠે આવેલ દાંડી સુધીની પદયાત્રાના ૯૧માં જન્મદિવસે દાંડીકૂચની ઉજવણી કરી મહાત્મા ગાંધીજીના એ સમયને યાદ કરીને તેમના જણાવેલા, સત્ય, અહિંસા જેવા અનેક ગુણોને જીવનમાં ઉતારવા સહુ શિક્ષકોએ વિદ્યાર્થીઓને અનુરોધ કર્યો હતો. ગાંધીજીના વેશમાં ધોરણ ૮ ના વિદ્યાર્થી સંદીપકુમાર રાઠોડે દાંડીકૂચ પ્રતીક યાત્રાની આગેવાની લીધી હતી.

## દે.બારીઆમાં વાદળ છવાયું વાતાવરણ વચ્ચે અમી છાંટા પડતા ખેડુતોમાં ચિંતા


તસ્વીર : મો.હુસૈન મકરાણી, દે.બારીઆ

દે.બારીઆ,

દે.બારીઆ શહેર તથા પંથકમાં વાદળ છાયું વાતાવરણ છેલ્લા ચાર–પાંચ દિવસ થી છે. પરંતુ આ સાથે સુર્ય દેવતા પણ ખીલે છે. સાથે સાથે અમી છાંટા પડતા ખેડુત ભાઈઓમાં ચિંતાનું મોજું જોવા મળ્યું છે. કારણ પિયતની મકાઈ ડોડા સૂકવવામાં બહાર છે. તેને કઈ રીતે સાચવવા જ્યારે એકની બાજુ લગ્નની શરણાઈઓ વાગવા માંડી છે. પ્રાપ્ત માહિતી અનુસાર દે.બારીઆ શહેર તથા આસપાસના પંથકમાં તા.૧૨/૦૩/૨૧ શુક્રવારના રોજ ૪.૩૦ કલાકે વરસાદના અમી છાંટા પડતા કેરીના વૃક્ષોમાં જે કેરીના ભોગણા તથા મોર આવેલા છે. આ અમી છાંટા તથા વાદળ છવાયેલા વાતાવરણ થી કેરીના પાકને નુકશાન થવાની ભીંતિ સેવાઈ રહી છે. જેથી ખેડુતોમાં ચિંતા દેખવા મળી રહી છે.

## હાલોલ ખોડીયાર નગરના યુવકે ગળે ફાંસો ખાધો

હાલોલ,

હાલોલ ભીમનાથ મંદિર ખોડીયાર નગર પ્લોટ નં.૨૫માં રહેતા ૨૧ વર્ષીય યુવાને કોઈ અગમ્યકારણોસર રસોડાના સીલીંગ પંખો લટકાવવાના હુંક પર ઓઢણી વડે ગળે ફાંસો ખાઈ આપઘાત કરી જતાં મોત નિપજાવા પામ્યું. પ્રાપ્ત વિગતો પ્રમાણે હાલોલ ભીમનાથ મંદિર ખોડીયાર નગર પ્લોટ નં.૨૫મા રહેતા તેજસ ભુપેન્દ્રભાઈ વરીઆ ઉ.વ.૨૧ એ ૧૧ માર્ચના રોજ કોઈ કારણોસર લાગી આવેલ હોય જેને લઈ રસોડાના રૂમમાં સીલીંગમાં પંખો લટકાવવાના હુકમાં કાપડની ઓઢણી વડે ગળે ફાંસો ખાઈ આપઘાત કરી મરણ જતાં આ બાબતે હાલોલ પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

## હાલોલ ફુલાબાઈ પાર્ક પાસે ખુલ્લી ગટરના કારણે વાહનચાલકો પરેશાન : પાલિકા કચેરી નજીક હોવા છતાં બેદરકારી

હાલોલ,

હાલોલ નગરપાલિકાના પ્રજાની પ્રાથમિક જરૂરિયાતો પ્રત્યે બેજવાબદાર નગરમાં સફાઈ થતી નથી. ડોર ટુ ડોર કચરા કલેકશનની કામગીરી પડી ભાંગી છે. નર્મદાની પાઈપલાઈન ઉપરની કુંડીનુ ઢાંકણુ છેલ્લા ત્રણ મહિનાથી તુટી ગયુ છે. કુલપાર્કના ત્રિભેટે મોતનો કુવો બનેલી ખુલ્લી કુંડીમાં કેટલાંય વાહનચાલકો પડયા છે. સામે જ નગરપાલિકાની ઓફિસ છે. નગરપાલિકામાં આવતા–જતા પાલિકાના સભ્યો તથા અધિકારીઓ તેમના વાહનો પણ અહિંયા પાર્ક કરે છે. અને આ ખુલ્લો ખાડો જુએ છે છતાં તેની ઉપર લોખંડની જાળી ફીટ કરવાનુ કોઈને સુઝતુ નથી. પાલિકામાં કરાયેલી અનેક રજુઆત નિષ્ફળ રહી ગત બગીચામાંથી પાછા ફરતા એક છોકરો કુંડીમાં પડી ગયો હતો.આવતા–જતા લોકોએ તેને બહાર કાઢયો હતો. અને બીજા કોઈ એમાં પડી નહિ તે માટે ચેતવણી રૂપે ઈંટો તથા પથ્થરો ગોઠવ્યા હતા.

## હાલોલ ટપલાવાવ રોડ પર બાઈક સ્લિપ થતાં પાંચ વ્યકિતને ઈજાઓ

હાલોલ,

હાલોલ પાવાગઢ ટપલાવાવ રોડ પર બાઈક સ્લિપ ખાઈ જતાં બાઈક ઉપર સવાર બે બાળકો સહિત પાંચને ઈજાઓ પહોંચતા ૧૦૮ દ્વારા હાલોલની રેફરલ હોસ્પિટલમાં લવાયા હતા. છોટાઉદેપુરના આત્રોલી ગામના કરસનભાઈ છગનભાઈ રાઠવા આત્રોલીથી બાઈક પર તેમની માતા સંગલીબેન રાઠવા પત્નિ અને બે બાળકો સાથે હાલોલ તાલુકાના રવાલિયા આવી રહ્યા હતા ત્યારે પાવાગઢ ટપલાવાવ રોડ પર રવાલિયા પાસે રોડ પર ભુંડ આવતા બાઈક સ્લિપ ખાઈ જતાં બાઈક પર સવાર પાંચેય રોડ પર ફંગોળાતા ઈજાઓ પહોંચતા તમામને ૧૦૮ દ્વારા હાલોલ રેફરલ હોસ્પિટલ લવાયા હતા. જયાં કરસનભાઈ તેમની માતા અને છ વર્ષિય પુત્રને વધુ ઈજાઓ પહોંચી હતી.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૭૭, શાલિવાહન શક-૧૯૪૨,વીર સંવત-૨૫૪૭, ઈસ્લામીક સંવત-૧૪૪૨, તા. ૧૩-૦૩-૨૦૨૧, શનિવાર, દર્શ અમાસ, સૂર્યોદય-૬-૩૪, સૂર્યાસ્ત-૬-૨૭, જૈન નવકારશી-૮-૧૦, આજની રાશિ : કુંભ (ગ.સ.શ.), નક્ષત્રઃ શતભિષ

| | |
|---|---|
| સૂર્ય-કુંભ<br>ચંદ્ર-કર્ક<br>મંગળ-ધન<br>બુધ-કુંભ<br>ગુરૂ-ધન<br>શુક્ર-મેષ<br>શનિ-મકર<br>રાહુ-મિથુન<br>કેતુ-ધન<br>હર્ષલ-મેષ<br>નેપ્ચ્યુન-કુંભ<br>પ્લુટો-મકર | - શુભ ચોઘડીયા -<br>અભિજીત ૧૩-૩૯ થી ૧૩-૨૪, ૮-૪૬ થી શુભ ૧૦-૧૧ સુધી, ૧૩-૦૧ થી ચલ-લાભ-અમૃત, ૧૭-૧૬ સુધી, ૧૮-૪૨ થી લાભ-૨૦-૧૬ સુધી, ૨૧-૫૧ થી શુભ-અમૃત-૨૫-૦૧ સુધી<br><br>- શુભ હોરા-<br>૮-૧૮ થી ૯-૧૪ સુધી, ૧૧-૦૮થી ૧૩-૫૮ સુધી, ૧૪-૫૫થી ૧૩-૫૧ સુધી ૧૭-૪૫થી ૨૦-૪૮ સુધી |

## દૈનિક રાશીફળ

તા.૧૩.૦૩.૨૦૨૧ શનિવાર

મેષ(અ,લ,ઈ): આજે વ્યક્તિગત કાર્યોમાં તથા પરિવાર સાથે દિવસ પસાર કરવાથી પોતાને હળવા અને ઊર્જાથી ભરપૂર અનુભવ કરશો.
વૃષભ(બ,વ,ઉ): કોઈ શુભચિંતકની પ્રેરણા અને આશીર્વાદથી તમે આત્મિક સુકૂન અને સુખ અનુભવ કરશો. કોઈ સફળતા મળવાના યોગ છે.
મિથુન(ક.છ.ઘ): આજનો દિવસ કામ વધારે રહેશે. ઘણાં સમયથી કોઈ અટવાયેલું પેમેન્ટ મળવાથી આર્થિક સ્થિતિ મજબૂત થશે. પારિવારિક અવ્યવસ્થાને દૂર કરવા માટે તમારી કોશિશ સફળ રહેશે.
કર્ક(ડ,હ): ઘરમાં કોઈ માંગલિક કાર્યને લગતી યોજના બનશે તથા બધા સભ્ય ઉત્સાહ સાથે પરિપૂર્ણ રહેશે. કોઈ વડીલ વ્યક્તિના માર્ગદર્શન તથા સલાહ દ્વારા તમારા બધા કામ યોગ્ય રીતે પૂર્ણ થઈ જશે.
સિંહ(મ,ટ): દિવસની શરૂઆત મહત્ત્વપૂર્ણ કાર્યને પૂર્ણ કરવા સાથે કરો. આજે તમે તમારી અંદર અદભૂત આત્મવિશ્વાસ અનુભવ કરશો.
કન્યા(પ,ઠ,ણ): તમારા કોઈ મહત્ત્વપૂર્ણ કાર્યને પૂર્ણ કરવા માટે સંપૂર્ણ મહેનત લગાવી દો, પ્રકૃતિ તમારો સાથ આપી શકે છે.
તુલા(ર.ત.): આજે ઘરની સુખ-સુવિધાઓને લગતી ખરીદદારીમાં સમય પસાર થશે. કોઈ પ્રોપર્ટીને લગતો મામલો ઉકેલાય તેવી શક્યતા છે, એટલે કોશિશ કરતાં રહો.
વૃશ્ચિક(ન.ય.): કોઈ વડીલ કે ગુકુ સમાન વ્યક્તિના સાનિધ્યમાં થોડો સમય પસાર કરવાથી તમે પોઝિટિવ ઊર્જા અનુભવ કરશો. થોડા દિવસોથી તમે જે કાર્ય પ્રત્યે આકરી મહેનત કરી રહ્યા હતાં, તેના શુભફળની પ્રાપ્તિ આશા કરતાં વધારે થઈ શકે છે.
ધન(ભ,ધ,ફ,ઢ): છેલ્લાં થોડા સમયથી તમે તમારા વ્યક્તિત્વને નિખારવાની જે કોશિશ કરી છે, તેનું સારું પરિણામ પ્રાપ્ત થવાનું છે. કોઈ નજીકના સંબંધીની પરેશાનીમાં તેનો સહયોગ કરવો તમને આત્મિક સુકૂન આપશે.
મકર(ખ.જ.): સંતોષજનક સમય ચાલી રહ્યો છે. તમારા પોઝિટિવ દૃષ્ટિકોણ અને સંતુલિત વિચારથી અનેક સમસ્યાઓનો ઉકેલ મળી શકશે.
કુંભ(ગ,સ,શ,ષ): કોઈ વ્યક્તિના સહયોગથી લાભદાયક પરિસ્થિતિ બનશે. તમારી ગુપ્ત પ્રતિભાને ઓળખ મળશે. પારિવારિક જવાબદારીને પણ તમે યોગ્ય રીતે પૂર્ણ કરી શકશો.
મીન(દ,ચ,ઝ,થ): સામાજિક અને ધાર્મિક ગતિવિધિઓમાં તમારો મોટાભાગનો સમય પસાર થશે. લોકો સાથે હળવા-મળવાથી તમને યોગ્ય પરિણામ મળી શકે છે.

દાહોદ આવૃત્તિ
દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર
પંચમહાલ સમાચાર

# સંજેલી સરકારી જમીનમાં માથાભારે યુવકે બાંધકામ કરાતાં પંચાયત દ્વારા નોટિસ ફટકારવામાં આવી



- પંચાયત વારંવાર નોટિસ ફટકારી છતા માથાભારી યુવકે કામ પૂર્ણ કરી બંગલો બનાવી દીધો.
- તલાટી સરપંચની મિલિભગતથી દબાણ દૂર કરવામાં આવતું નથી એવી સંજેલી તાલુકામાં લોક ચર્ચા.

સંજેલી,

સંજેલી ઝાલોદ રોડ પર બાબુભાઈ ડબગર દ્વારા ગેરકાયદેસર રોડ પર દબાણ કરી બાંધકામ શરૂ કરતા ખેડૂત પુત્ર મહેન્દ્રભાઈ ચારેલ દ્વારા બાંધકામ બંધ કરાવી દબાણ દૂર કરવા પંચાયતની લેખિત રજૂઆત કરતાં ખળભળાટ મચી જવા પામ્યો હતો.

સંજેલી ઝાલોદ રોડ પર હોળી ફળિયાના આદિવાસી ખેડૂતોના ખેતર તરફ જવા ના માર્ગ પર માથાભારે બાબુભાઈ ડબગર દ્વારા રોફ જમાવી ગેરકાયદેસર રોડ પર જ સરકારી જમીન પર પંચાયતમાથી બાંધકામની મંજૂરી વિના જ બાંધકામ શરૂ કરતા ખેડૂતના પુત્ર મહેન્દ્ર ચારેલ દ્વારા તાલુકા જિલ્લા મથકે રજૂઆત કરતા પંચાયત દ્વારા બાંધકામ કરનારને બાંધકામ બંધ કરવા તેમજ માપણી માટે વારંવાર નોટિસ ફટકારી છતાં બાંધકામ શરુ રાખી નોટિસને પણ ઘોળીને પી જતા તારીખ ૮.૦૩ ૨૦૨૧ ના રોજ પંચાયત દ્વારા તાત્કાલિક માપણી કરવા માટે ફરી નોટિસ ફટકારવામાં આવી છે.જો માપણી કરવામાં ન આવે તો કાયદેસરના પગલાં લેવા માટેનો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો છે. વગર પરવાનગી બાંધકામ પૂર્ણ કરું છતાં પણ આગળની કાર્યવાહી કરવાને બદલે માત્ર નોટિસ આપી પંચાયતે સંતોષ માની લીધો હોય તેમ ફરી માપણી માટે પણ માત્ર નોટિસ આપી સંતોષ માની લેવામાં આવશે ? કે શું તે એક ચર્ચાનો વિષય બન્યો છે.પંચાયત પાસે પૂરતી સત્તા હોવા છતાં પણ માથાભારે યુવકોએ બાંધકામ પૂર્ણ કર્યું. સંજેલી પંચાયત તંત્રની રહેમ નજર હેઠળ રોડ પર જ દબાણ કરી બંગલો બનાવ્યો.વારંવાર નોટિસ આપી છતાં માથાભારે યુવકે નોટિસોને પણ ઘોળીને પી જતા ખુલેઆમ બંગલો બનાવી દીધો. આ બાબતે જિલ્લાના અધિકારી દ્વારા તપાસ કરી યોગ્ય કાર્યવાહી કરવામાં આવશે કે પછી છાવરવામાં આવશે તે પણ તાલુકામાં ચર્ચાનો વિષય બન્યો છે.સરકાર દ્વારા જમીનને લઈને નવો લેન્ડ સ્કેપિંગનો કંઈ કાયદો અમલમાં મૂક્યો છે ત્યારે થોડા દિવસ અગાઉ જ દાહોદ જીલ્લામાં ત્રણ સામે લેન્ડસ્કેપીંગ ના કાયદા મુજબ ફરિયાદ નોંધાઈ છે. ત્યારે સંજેલી ખાતે આવા માથાભારે યુવક દ્વારા ગેરકાયદેસર પંચાયતની પરવાનગી લીધા વગર કે પંચાયતની નોટિસને ઘોળીને પી જનાર યુવક સામે કેમ કોઈ કોઈપણ જાતની કાર્યવાહી કરવામાં આવતી નથી. ત્યારે ગેરકાયદેસર બાંધેલું દબાણ દૂર કરવામાં આવશે તેમજ લેન્ડ ગેબીંગના નવા કાયદા મુજબ તેની સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે તેની લોકોમાં ચર્ચાનો વિષય બન્યો છે.

### સિટી સરવે કચેરીમાં પૈસા જમા થતાં માપણી માટે નોટિસ ફટકારવામાં આવી છે

સંજેલી હોળી ફળિયા વિસ્તારમાં બાબુભાઈ ડબગર દ્વારા મકાન બાંધકામમાં દબાણ થયુ હોવાની રજુઆતને પગલે બે દિવસમાં સિટી સર્વેમાં પૈસા જમા કરાવી માપણી કરવા માટે નોટિસ ફટકારવામાં આવી છે. તેમ કરવામાં કસુર વાર કરશે તો કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

**સંજેલી તલાટી, વિજય રાઠોડ**

### જમીનની માપણી માટે સીટી સર્વે ને જાણ કરવામાં આવી છે. પૈસા જમા થતાં થઈ શકશે

સરકારી જમીન પર બાંધકામ કરાતા દબાણ થયુ હોવાની રજુઆતને લઈ માપણી માટે સીટી સર્વેની જાણ કરવામાં આવી હતી. સિટી સર્વે અધિકારી દ્વારા માપણી માટે માલિક દ્વારા રકમ જમા કરાવવામાં આવે તો જ તેની માપણી થઈ શકે તેમ હોવાનું જાણ કરાતાં પંચાયત દ્વારા માલિકને બીજી વખત નોટિસ ફટકારી માપણી કરવા માટે જણાવ્યું હતું.

**તાલુકા વિકાસ અધિકારી, આર.સી. ભુરા**

### આઝાદીના પૂરા થનારા ૭૫ વર્ષ નિમિત્તે

## દાહોદમાં સાંસદ જશવંતસિંહ ભાભોરની ઉપસ્થિતિમાં આઝાદીનો અમૃત મહોત્સવનો ઉત્સાહભેર પ્રારંભ



તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

આઝાદીના પૂરા થનારા ૭૫ વર્ષ નિમિત્તે શરૂ થનારી ઉજવણીનો આઝાદીનો અમૃત મહોત્સવ નો આજથી દાહોદમાં ઉત્સાહભેર પ્રારંભ થયો છે. આઝાદીના ૭૫ વર્ષ નિમિત્તે ૭૫ અઠવાડિયા અગાઉથી દેશભરના અને રાજયના પણ ૭૫ સ્થળોથી આ મહોત્સવનો પ્રારંભ થયો છે. ત્યારે દાહોદ જિલ્લાના પણ દાહોદ અને ઝાલોદ ખાતે આ ઉત્સવની ઉજવણી કરવામાં આવી હતી. દાહોદ નગરના સ્વામી વિવેકાનંદ સંકુલ ખાતે આવેલા સભાખંડમાં સાંસદ જશવંતસિંહ ભાભોરની આગેવાનીમાં આ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આઝાદીનો અમૃત મહોત્સવ કાર્યક્રમમાં સાંસદ ભાભોરે આઝાદીની લડતના અનેક સોનેરી પ્રકરણો અને આઝાદી માટે લડનારા સ્વાતંત્ર્યવીરોને યાદ કર્યા હતા. તેમણે પૂજ્ય બાપુનું પુણ્યસ્મરણ કરતા જણાવ્યું હતું કે, મહાત્મા ગાંધીજી દાહોદમાં બે વખત આવ્યા હતા. વર્ષ ૧૯૧૯ માં તેઓએ બે દિવસ દાહોદમાં રોકાણ કર્યું હતું અને સભાઓને સંબોધન કર્યું હતું. તેના ૬ વર્ષ બાદ પણ ગાંધીજી અહીં આવ્યા હતા અને ભીલસેવા કન્યા આશ્રમની મુલાકાત લીધી હતી. આ ઉપરાંત સુભાષચંદ્ર બોઝ તેમજ અનેક ક્રાંતિવીરોની દાહોદની ધરતી સાથે યાદો જોડાયેલી છે.

અંગ્રેજો સામે ૧૮૫૭ ની લડાઈથી દેશની આઝાદીનું બીજ રોપાયું હતું. ત્યારે અંગ્રેજો સામે માનગઢની લડાઇ પણ આઝાદી માટેની લડાઈનો એક યાદગાર પ્રસંગ છે. જેમાં શ્રી ગોવિંદગુરૂની આગેવાનીમાં સેકડોં આદિવાસી વીરો શહીદ થયા હતા. આઝાદીના અમૃત મહોત્સવ નિમિત્તે આપણે આવા અનેક નામી અનામી શહીદવીરોને યાદ કરવાના છે. જેમણે દેશની આઝાદીના સંગ્રામમાં પોતાનું સર્વસ્વ હોમી દીધું હતું. તેમણે ઉમેર્યું કે, આઝાદીનો અમૃત મહોત્સવ નિમિત્તે આવનારા ૭૫ સપ્તાહ આપણે આગામી પેઢીને આ આઝાદી કાજે લડનારા વીરો અને આઝાદીના કંઈકેટલાયે સોનેરી પ્રસંગોથી અવગત કરાવવાના છે. વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીની આગેવાનીમાં એક ભારત, શ્રેષ્ઠ ભારતને ચરિતાર્થ કરવા આપણે સૌએ સહિયારા પ્રયાસ કરવાના છે. દેશ જયારે પ્રધાનમંત્રીની આગેવાનીમાં વિશ્વગુરૂ બનવા જઈ રહ્યો છે. ત્યારે આપણે સૌએ વિકાસની નવી ક્ષિતિજો તરફ આગળ વધવાનું છે. પ્રધાનમંત્રીએ આપેલા સૌનો સાથ, સૌનો વિકાસ મંત્રને સાથે લઈને આપણે આગળ વધવાનું છે. આ પ્રસંગે જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક સી.બી. બલાતે સ્વાગત પ્રવચન કર્યું હતુ. તેમજ દાહોદના તાલુકા વિકાસ અધિકારીએ આભાર વિધી કરી હતી.

આઝાદીનો અમૃત મહોત્સવના શુભારંભે દાહોદ નગરમાં વહેલી સવારે વિદ્યાર્થીઓ દ્વારા સાયકલ રેલી અને યુવાઓ દ્વારા બાઈક રેલી પાણી બચાવો, અનાજ બચાવો અને વધુ વૃક્ષો વાવોનો સંદેશા સાથે કાઢવામાં આવી હતી. મહાનુભાવો દ્વારા શહેરમાં આવેલી મહાત્માં ગાંધીજી અને સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમાઓને સુતરની આંટી પહેરાવી શ્રદ્ધાસુમન અર્પવામાં આવ્યા હતા. ત્યાર બાદ સ્વામી વિવેકાનંદ સંકુલ ખાતેના સભાખંડમાં કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જયાં અમદાવાદ ખાતે યોજાયેલા મુખ્ય કાર્યક્રમનું જીવંત પ્રસારણ સૌએ નિહાળ્યું હતું. કાર્યક્રમમાં સુધીરભાઈ લાલપુરવાલા સહિતના અગ્રણીઓ, જિલ્લા વિકાસ અધિકારી રચિત રાજ, જિલ્લા આરોગ્ય અધિકારી ડો. રમેશ પહાડિયા, દાહોદ પ્રાંત અધિકારી એમ.એમ. ગણાવા સહિતના અધિકારીઓ, પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યાં હતા.

## ઝાલોદની ટીટોડી આશ્રમ શાળા ખાતે આઝાદીનો અમૃત મહોત્સવ કાર્યક્રમ યોજાયો



તસ્વીર : શૈલેષ ભુરીયા, ઝાલોદ

ઝાલોદ,

વિશ્વની સૌથી મોટી લોકશાહી ધરાવતા આપણા દેશની અંગ્રેજોની ચુંગાલમાંથી આઝાદી મળવાના ૭૫ વર્ષ થવા જઈ રહ્યા છે અને તેના ઉપલક્ષ્યમાં સમગ્ર દેશની સાથે દાહોદમાં પણ આઝાદીનો અમૃત મહોત્સવ કાર્યક્રમનો પ્રારંભ થયો છે. ઝાલોદ ખાતે રાજ્ય મંત્રી બચુભાઈ ખાબડે સહભાગી બની આ ક્ષણને જીવંત બનાવી હતી.

ઝાલોદ ખાતે પાણી બચાવો અને વૃક્ષો વાવોના સંદેશા સાથે બાઈક રેલી યોજાયા બાદ ટીંટોડી આશ્રમ શાળા ખાતે આઝાદીનો અમૃત મહોત્સવ કાર્યક્રમનું આયોજન થયું હતું. કોલોનિયલ શાસન દરમિયાન પંચમહાલના આ આદિવાસી વિસ્તારમાં અસહકારની ચળવળનું કેન્દ્ર બિંદુ બની રહેલા ટીટોડી આશ્રમ સમાજસેવક અને ગાંધીજન ઠક્કર બાપા અને સુખદેવભાઈ ત્રિવેદીની રાહબરી હેઠળ સ્થપાયો હતો અને અહીં અભ્યાસની સાથે આઝાદીની ચળવળની પ્રવૃત્તિ પણ થતી હતી. અહીં રાજ્ય મંત્રી બચુભાઈ ખાબડે જણાવ્યું કે, દાહોદ પણ સ્વતંત્રતાની ચળવળમાં યથાયોગ્ય અગ્રેસર રહ્યું હતું. પૂજ્ય મહાત્મા ગાંધીએ દાહોદની બે વખત મુલાકાત લીધી હતી અને સભાઓને સંબોધી હતી. જ્યાં તેમણે અંગ્રેજોની સામે લડાઈમાં સામાજિક સમરસતા અને એકતાની હિમાયત કરી હતી. આ ઉપરાંત, સરદાર વલ્લભભાઈ પટેલ તથા સુભાષચંદ્ર બોઝ પણ દાહોદના પ્રવાસે આવ્યા હતા. દાહોદના નાગરિકોએ પણ ગાંધીજીની અસહકારની ચળવળને સારી રીતે ઝીલી લીધી હતી. હું કાગડા અને કૂતરાના મોતે મરીશ પણ સ્વરાજ લીધા વિના ઝંપીશ નહીં, એવો દૃઢ સંકલ્પ કરી ગાંધીજીએ ૧૨ માર્ચ, ૧૯૩૦ના રોજ સાબરમતી આશ્રમથી દાંડી કૂચનો પ્રારંભ કર્યો હતો. તેમણે કહ્યું કે, આ યાત્રાએ ભારતમાં તે વખતે આઝાદીની ભાવનાને પ્રબળ બનાવી હતી. આ યાત્રાએ ભારત પર અંગ્રેજી શાસનને હચમચાવી નાખ્યું હતું. તે સમયે નાગરિકોમાં જેવી દેશભાવના હતી, તેવી જ ભાવના ૭૫ વર્ષ નિમિત્તે દેશવાસીઓમાં જગાવવા માટે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ આઝાદીનો અમૃત મહોત્સવનો પ્રારંભ કર્યો છે. આપણે દેશ માટે લડી શક્યા નથી પણ, તેના માટે સારી રીતે જીવી શકીએ તેવો સંકલ્પ કરવાનો આ અવસર છે. તેમ ખાબડે અંતે ઉમેર્યું હતું. કાર્યક્રમના પ્રારંભે કલેક્ટર વિજય ખરાડીએ સૌનું શાબ્દિક સ્વાગત કરી પ્રસંગની રૂપરેખા આપી હતી. સ્વાતંત્ર્ય સેનાની નરસિંહભાઈ હઠીલાએ અસહકારની ચળવળ વેળાના પોતાના અનુભવો વર્ણવ્યા હતા.

અમદાવાદ ખાતેથી વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી અને મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીના કાર્યક્રમના જીવંત પ્રસારણને ઉપસ્થિતોએ રસપૂર્વક નિહાળ્યું હતું. આ કાર્યક્રમમાં પૂર્વ ધારાસભ્ય મહેશભાઈ ભૂરિયા, ભગવાનભાઈ, સુનિલભાઈ હઠીલા, પ્રાંત અધિકારી એસ.ડી. ચૌધરી, તાલુકા વિકાસ અધિકારી ડી.એન. પટેલ ઉપસ્થિત રહ્યા હતા.

## દાહોદમાં મહિલા હોમગાર્ડ સાથે મારામારી કરનાર કોન્સ્ટેબલની ધરપકડ કરવા એસપીને લેખિત રજૂઆત

દાહોદ,

દાહોદમાં બુધવારે સવારે મહિલા હોમગાર્ડ અને પોલીસ જવાન વચ્ચે પોલીસ મથકની સામે જ ઝપાઝપી થઈ હતી.આ કિસ્સામાં મહિલા હોમગાર્ડને ન્યાય અપાવવા માટે જિલ્લા પોલીસ વડાને લેખિત રજૂઆત કરવામાં આવી છે. જેમાં પોલીસ જવાન સામે ગુનો નોંધવા માટે માંગ કરવામાં આવી છે.

દાહોદમાં તારીખ ૧૦ માર્ચના રોજ સવારે મહિલા હોમગાર્ડ દિપીકાબેન સાંસી શહેર પોલીસ મથકની પાસે અડીને આવેલા સરસ્વતી સર્કલ પર ટ્રાપિક ડ્યુટી કરી રહ્યા હતા.તે વેળાએ સિગ્નલ બંધ હોવા છતાં પોલીસ જવાન તખ્તસિંહે બાહિલા હોમગાર્ડે બાઈક પર આગળ જવાની કોશિષ કરતાં મહિલા હોમગાર્ડે તેમને રોકતાં મામલો બીચક્યો હતો.જેથી જવાને ગાળા ગાળી કરતાં મહિલા હોમગાર્ડે તેને લાફો ચોડી દેતાં મામલો ગરમાયે હતો અને બંન્ને વચ્ચે ઝપાઝપી થતાં છેવટે શહેર પોલીસ મથકે મહિલા હોમગાર્ડે કોન્સ્ટેબલ સામે કાયદેસરની કાર્યવાહી કરવા માંગ કરવામાં આવી હતી.

તેના બીજા દિવસ સુધી કોઈ કાર્યવાહી ન કરાતાં હવે મહિલા હોમગાર્ડને ન્યાય અપાવવા એક સંસ્થા આગળ આવી છે.જેમાં હિન્દુ નિર્માણ દળ દ્વારા જિલ્લા પોલીસ વડાને લેખિત રજૂઆત કરવામાં આવી છે.જેમાં જણાવવામાં આવ્યુ છે કે મહિલા હોમગાર્ડ પર દબાણ કરવામાં આવે છે કે ફરિયાદ કરવાનુ ટાળો અથવા નોકરી છોડી દો.હાલમાં આ મહિલા જાયડસ હોસ્પીટલમાં સારવાર હેઠળ છે. ત્યારે જવાબદાર પોલીસ કર્મી તખતસિંહ છગનભાઈની ધરપકડ કરી તેની સામે કડકમાં કડક કાર્યવાહી કરવામાં આવે.

## લીમખેડામાં જમીન સંબંધી મામલે બે મહિલા સહિત ચાર વ્યક્તિ એ ૧.૫૦ લાખની ઠગાઈ કરતાં ફરિયાદ

લીમખેડા,

દાહોદ જિલ્લાના લીમખેડા નગરમાં જમીન સંબંધી મામલે બે મહિલા સહિત ચાર જણાએ એક વ્યક્તિને વિશ્વાસમાં લઈ છેતરપીંડી કરી રૂા.૧,૫૦,૦૦૦ની ઠગાઈ કરતાં ઠગાઈનો ભાગે બનેલ વ્યક્તિ દ્વારા લીમખેડા પોલીસ મથકે ચાર જણા વિરૂધ્ધ ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

લીમખેડા નગરમાં માર્કેટ યાર્ડની સામે રહેતાં ધોળીબેન બાદલભાઈ બારીઆ, સંજયભાઈ બાદલભાઈ બારીઆ, મનિષાબેન શૈલેષભાઈ હઠીલા અને બાબુ ઉર્ફે રાકેશભાઈ બાદલભાઈ બારીઆ નાઓએ ગત તા.૨૩મી ૨૩મી સપ્ટેમ્બર થી લઈ તારીખ ૧૧.૦૩.૨૦૨૧ના સમયગાળા દરમ્યાન લીમખેડા ગામે આવેલ જમીન સર્વે નંબર ૩૪ પૈકી ૧ વાળી જમીનમાંથી ૬૬ ફુટ પહોળાઈ અને ૪૫ લંબાઈના માપની જમીન રૂા.૪,૬૧,૦૦૦માં વેચાણ માટે ઝાલોદ તાલુકાના મુણધા ગામે રહેતા દલસિંહ ચુનિયાભાઈ ભેદીની સાથે નક્કી કરી હતી અને તેમાં કિંમત પેટે રૂા.૧,૫૦,૦૦૦ દલસિંહભાઈએ આપ્યાં હતાં. આ બાદ દલસિંહભાઈએ ચુકવી આપવા માટે જણાવ્યું હતું અને આ જમીનનો કબજાના માંગણી કરતાં ઉપરોક્ત ચારેય જણાએ બેફામ ગાળો બોલી કહેવા લાગેલ કે, આ જમીન તમોને આપવાના નથી અને તમે આપેલા નાણાં પણ આપવાના નથી તેમ કહી એકદમ ઉશ્કેરાયા હતાં અને દલસિંહભાઈ સાથે છેતરપીંડી અને વિશ્વાસઘાત, ઠગાઈ કરતાં આ સંબંધે દલસિંહભાઈ ચુનીયાભાઈ ભેદી દ્વારા આ સંબંધે લીમખેડા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે.

## દે.બારીઆના હિન્દોલીયા ગામે માલિકીની જમીનમાં ઝુપડું બાંધી ગેરકાયદેસર કબ્જો કરતાં ફરિયાદ

દે.બારીઆ,

દેવગઢ બારીઆ તાલુકાના હિન્દોલીયા ગામે એક વ્યક્તિની જમીનમાં બે જેટલા ઈસમોએ ઝોપડું બાંધી ગેરકાયદે રીતે કબ્જો કરી લેતાં આ સંબંધે પોલીસ મથકે ફરિયાદ નોંધાયાનું જાણવા મળે છે.

હિન્દોલીયા ગામે રહેતાં ભીમસીંગ જેસીંગભાઈ હઠીલા અને ચતુરભાઈ ભીમસીંગભાઈ હઠીલાએ પોતાના જ ગામમાં રહેતા ચતુરભાઈ ધનાભાઈ રાવતની ઉબેર ફળિયામાં આવેલ સર્વે નંબર ૭૪ પૈકી ૧ પૈકી ૨ વાળી જમીનમાં આ બંન્ને જણાએ ઝુપડું બનાવી તેમાં રહીને જમીન ઉપર ગેરકાયદે કબજો જમાવી જમીન પચાવી પાડી લેતાં આ સંબંધે ચતુરભાઈ ધનાભાઈ રાવતે ઉપરોક્ત બંન્ને ઈસમો વિરૂધ્ધ દેવગઢ બારીઆ પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

## ઝાલોદના નાનીકુણી ગામે ડમ્પર ચાલકે બાઈક સવાર દંપતિને અડફેટે લેતા ગંભીર ઈજાઓ

દાહોદ,

ઝાલોદ તાલુકાના નાનીકુણી ગામે એક નંબર વગરના ડમ્પરના ચાલકે પોતાના કબ્જાનુ ડમ્પર પુરઝડપે હંકારતા ત્યાંથી પસાર થઈ રહેલ બાઈક સવાર દંપતિને અડફેટે લેતા દંપતિને ગંભીર ઈજાઓ પહોંચતા તાત્કાલિક નજીકના દવાખાને ખસેડવામાં આવ્યા હતા.

નાનીકુણી ગામે બારીયા ફળિયામાં રહેતા રમેશભાઈ બારીયા તથા તેમની પત્નિ મંજુલાબેન બારીયા બંને બાઈક પર સવાર થઈ નાનીકુણી ગામેથી પસાર થઈ રહ્યા હતા તે સમયે ત્યાંથી એક નંબરના ડમ્પરના ચાલકે પોતાના કબ્જાનુ ડમ્પર પુરઝડપે અને ગફલતભરી રીતે હંકારતા આ બાઈક ઉપર સવાર દંપતિને અડફેટમાં લેતા દંપતિ બાઈક પરથી ફંગોળાઈ જઈ જમીન પર પટકાયા હતા. જેને પગલે બંનેને ગંભીર ઈજાઓ થતાં તાત્કાલિક નજીકના દવાખાને ખસેડવામાં આવ્યા હતા.

આ સંબંધે નાનીકુણી ગામે રહેતા રમેશભાઈ કાળુભાઈ બારીયાએ લીમડી પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી આગળ કાર્યવાહી હાથ ધરી છે.

## દાહોદ RTO દ્વારા નાકાબંધી કરી ટેક્સ વગર તેમજ ઓવરલોડ વાહનો ડીટેઈન કર્યા : ૪ લાખની વસુલાત

દાહોદ,

દાહોદ જિલ્લા આરટીઓ વિભાગ દ્વારા અલગ અલગ ટીમો બનાવી જુદા જુદા સ્થળોએ નાકાબંધી કરી વાહનો ચકાસણી કરતા ઓવરલોડ અને ટેક્સ વગર દોડતા અગ્યાર જેટલા વાહનો ડીટેઈન કરી રૂપિયા ચાર લાખ વસુ કરતા આવા વાહન ચાલકોમા ફફડાટ વ્યાપી જવા પામ્યો છે.

રાજ્ય સરકાર દ્વારા કેટલાક સમય અગાઉ રાજ્યથી કેટલીક ચેક પોસ્ટ બંધ કરી દેવામાં આવી છે જેના કારણે ઓવર લોડ કે ટેક્સભર્યા વગર દોડતા વાહન ચાલકોને મોકળુ મેદાન મળી રહ્યું છે. તેટલુ જ નહી સરકારની આવકમાં પણ અસર થવા પામી છે. ત્યારે રાજયના વાહન વ્યવહાર કમિશ્નરના આદેશ અનુસાર દાહોદ જિલ્લા આરટીઓ વી.કે. પરમારના માર્ગદર્શન હેઠળ જીલ્લામા અલગ અલગ સ્થાનોએ જુદી જુદી ટીમો બનાવી ટેક્સ વગર તેમજ ઓવરલોડ માલ ભરી દોડતા વાહનોનું ચેકીંગ કરવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી. જેમાં આરટીઓ આર.એચ.પટેલ તથા એન.એસ. પટેલ દ્વારા જેસાવાડા–ગરબાડા રોડ, ડી.કે.પ્રજાપતિ તથા કે.વી.હાડા એ લીમખેડા રોડ, કે.વી. અચર, ઝાલોદ રોડ, ચાકલીયા રોડ ખાતે તેમજ વી.આર. લાલાણી, આર.બી.ચાવડા, કુંદન હાડા ધાનપુર – દે.બારીયા રોડ ઉપર વાહનોથી મહામણ હાથ ધરવામાં આવતા અગ્યાર જેટલા વાહનો ઓવર લોડ, ટેક્સ ન ભરેલા ડીટેઈન કરી ચાર લાખ રૂપિયા દંડ તથા ટેક્સ વસુલ કરવામાં આવતા આવા વાહન ચાલકોમાં ફફડાટ વ્યાપી જવા પામ્યો છે.

## દાહોદ જિલ્લાના વાતાવરણમાં પલટો જોવાતા ખેડૂતો મુંઝવણમાં મુકાયા





દાહોદ,

દાહોદ જિલ્લાના વાતાવરણ પલટાયું અને વાદળ છાયું વાતાવરણ થતાં ખેડૂતો મુંઝવણમાં મુકાયા ખેડૂતોનું અનાજ ઘઉ મકાઈ અને ઘાસચારા બહાર ખેતરોમાં પડીયુ હોવાથી ખેડૂતો મુંઝવણમાં મુકાયા તથા દાહોદ તાલુકાના રામપુરા અને કાળી તળાવ જેવા વિસ્તારોમાં ઝીણો ઝીણો વરસાદ પડીયો હતો. અને થોડા સમય પછી વાતાવરણ થોડું ખુલુ થતાં ખેડૂતો એ રાહત નો શ્વાસ લીધો. ખેડૂતોનું માં ચર્ચાઈ રહ્યું હતું કે બાર ના દર્શન દેખી એવું લાગ્યું છે કે ઉપરવાળો પણ અમારા પર નજર રાખી રહ્યો છે અને ખેડૂતો ઉપરવાળાને પ્રાર્થના કરી કે આવનાર સમય ખેડૂતો માટે એ અનાજ બહુ સારૂ પાકે અને ખેડૂતોને સુખ–સમૃદ્ધિ આપે તેવી લોકો એ પ્રાર્થના પણ કરી હતી.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Modini Vadi No-1, Station Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 24, No. 170

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા

પંચમહાલ સમાચાર

## ગોધરાના વેગનપુર ગામે

# દિવેલા ખાતા ૧૦ ગાયોના મૃત્યુ : તંત્ર દ્વારા ૨૦ ગાયોની સારવાર

ગોધરા,

પંચમહાલ જિલ્લાના ગોધરા તાલુકાના વેગનપુર ગામમાં દિવેલાના ઉભા પાકને આરોગ્યા બાદ ૯ ગાયોના મોત નિપજ્યા હતા. જ્યારે ૧૫ જેટલી ગાયોની હાલત ગંભીર બનતા પશુપાલન વિભાગ દ્વારા સ્થળ પર સારવાર આપવામાં આવી હતી. આ ગામમાં આવેલ ભરવાડવાસમાં ૬૦૦ થી ઉપરાંત પશુઓનું પાલન થાય છે. તેવા સમયે પશુપાલન આરોગ્ય તંત્ર અને જરૂરી કાળજી રાખવી જોઈએ.



ગોધરા તાલુકાના વેગનપુર ગામના ભરવાડ ફળિયા વિસ્તારમાંથી આજે સવારે ૨૦૦ ઉપરાંત ગાયો આસપાસના ખેતરો તેમજ જંગલ વિસ્તારમાં ચરવા માટે ગઈ હતી. દરમિયાન સાંજના સમયે ગાયો પરત ન આવતા આ ગાયોના પાલકો દ્વારા પોતાના પશુધનની શોધખોળ હાથ ધરવામાં આવી હતી દરમિયાન શરૂઆતના તબક્કે કેટલીક ગાયોના મૃતદેહો મળી આવ્યા હતા. જે જોઈને આ પશુધનના પાલકોમાં અફરતાફરીનો માહોલ સર્જાયો હતો. કેટલીક ગાયોના મૃતદેહ મળવાની ઘટના બાદ પશુપાલકો દ્વારા તપાસ કરવામાં આવતા આસપાસના ખેતરો તેમજ જંગલ વિસ્તારમાંથી કુલ ૯ જેટલી ગાયોના મૃતદેહો મળી આવ્યા હતા, જ્યારે ૧૫ જેટલી ગાયોની ગંભીર અવસ્થામાં મળી આવી હતી. સમગ્ર મામલાની જાણ ગોધરાના પશુપાલન વિભાગ તેમજ પ્રાણી અત્યાચાર નિવારણ એમ્બ્યુલન્સ ને કરવામાં આવતા પશુપાલન વિભાગ દ્વારા પશુ ચિકિત્સકોની ટીમ તાત્કાલિક ઘટના સ્થળે મોકલવામાં આવી હતી. ઘટના સ્થળે પહોંચેલી તબીબોની ટીમ દ્વારા પશુપાલકોની મદદથી રાત્રીના અંધારામાં ઘાયલ થયેલ પશુધનને શોધીને સ્થળ પર સારવાર આપી હતી. મોત પામેલ ૯ ગાયોના મોત પાછળનું પ્રાથમિક કારણ દિવેલાના ઉભા પાકને ખાવાથી ખોરાકી ઝેરની અસર થવાથી થયા હોવાનું જાણવા મળ્યું હતું. પશુપાલકો દ્વારા સરકાર પાસે માંગણી કરવામાં આવી હતી કે, તેઓ માત્ર આ પશુપાલન ના વ્યવસાય સાથે સંકળાયેલા હોય ગાયોના મોત અંગે તેમને વળતર આપવામાં આવે. અત્રે ઉલ્લેખનીય છે કે, સવારના સમયે ચરવા માટે ગયેલી ૨૦૦ ઉપરાંત ગાયો પૈકી કેટલીય ગાયો હજુ પણ પરત ન ફરી હોવાનું પણ પશુધન માલિકો જણાવી રહ્યા છે. રાત્રીનો સમય હોવાથી ગાયોને શોધી પણ શકાઈ નથી, ત્યારે ગાયોના મૃત્યુ અંગેનો આંકડો વધવાની પણ આશંકા પશુપાલકો સેવી રહ્યા છે.

### સરકાર સહાય આપે તેવી માંગ

વેગનપુર ગામમાં ગુરૂજીના મુવાડા ગામે ગાયો ચરાવા ગયેલ હો અને સાંજ સુધી પાછા ન ફરતા ગામના રહિશો જંગલમાં તપાસ કરતાં ગાયો દિવેલાના પાન ખાઈ ગઈ હોવાથી ૯ જેટલી ગાયોના મોત થયા હતા. અને ૨૦ ઉપરાંત ગાયો ગંભીર હાલત થી બિમાર થઈ હતી. ગુરૂજીના મુવાડા ગામ ગાયો ઉપર જ નિર્ભર હોવાથી આ લોકોનું જીવન નિર્વાહ માટે ગાયોના મરણનું યોગ્ય વળતર સરકાર આપે તેવી માંગ કરી રહ્યા છે.

**કિરીટભાઈ, સરપંચ**

### ૨૦ ગાયોની સારવાર ચાલુ

ગુરૂજીના મુવાડા ગામે ગાયોએ દિવેલાના પાન ખાધા હોવાથી તેમણે મેણો ચડયો હોય તેને લઈ ૯ ગાયો મરણ પામેલ છે. અને ૨૦ ગાયો ગંભીર રીતે બિમાર હતી. તેને હાલ સારવાર ચાલુ છે. વધુ થી વધુ ગાયો બચાવી શકીએ તે માટે અમે અમારા તરફથી પ્રયત્નો કરી રહ્યા છે.

**ડાૅ. એન.એ.પટેલ**

# આઝાદી કા અમૃત મહોત્સવ-પંચમહાલના હાલોલ ખાતે જિલ્લા કક્ષાની ઉજવણી

ગોધરા,

ભારતની સ્વતંત્રતા–આઝાદીના ૭૫ વર્ષ પૂર્ણ થવા જઈ રહ્યાના અવસરે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ આઝાદી કા અમૃત મહોત્સવ ઉજવણીનો આજે અમદાવાદના સાબરમતી આશ્રમથી રાષ્ટ્રવ્યાપી પ્રારંભ કરાવ્યો હતો. આ પ્રસંગે સમગ્ર રાજ્ય સહિત દેશમાં ૭૫ સ્થળોએ આઝાદી કા અમૃત મહોત્સવ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમની રાજ્યવ્યાપી શૃંખલા અન્વયે પંચમહાલ જિલ્લામાં પણ હાલોલ, ગોધરા અને મોરવા હડફ ખાતે ઉજવણી કાર્યક્રમો યોજાયા હતા. જિલ્લા કક્ષાનો કાર્યક્રમ કૃષિ, પંચાયત અને પર્યાવરણ રાજ્યમંત્રી જયદ્રથસિંહ પરમારના અધ્યક્ષસ્થાને હાલોલના નગરપાલિકા ઉદ્યાન ખાતે યોજાયો હતો. મોરવા હડફમાં સાંસદ રતનસિંહ રાઠોડ અને ગોધરામાં ધારાસભ્ય સી.કે.રાઉલજીની અધ્યક્ષતામાં ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે મંત્રી જયદ્રથસિંહ પરમારે વી.એમ.શાહ સ્કૂલ ખાતેથી ગાંધી વિચારોના સંદેશા ધરાવતી એક બાઈક રેલી અને એક સાઈકલ રેલીને લીલીઝંડી બતાવી પ્રસ્થાન કરાવ્યું હતું. ત્યારબાદ નગરપાલિકા ગાર્ડન ખાતે પૂજ્ય બાપુની પ્રતિમાને સૂતરની આંટી અને




તસ્વીર : આસીફ ઘંત્યા, ગોધરા

શ્રદ્ધાસુમન અર્પણ કરી ભાવાંજિલ અર્પી હતી. કાર્યક્રમના અધ્યક્ષસ્થાનેથી પોતાના સંબોધનમાં મંત્રીએ જણાવ્યું હતુંકે દેશની આઝાદીના ૭૫ વર્ષ પૂરા થવા જઈ રહ્યા ત્યારે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શનથી શરૂ કરાયેલ આઝાદી કા અમૃત મહોત્સવ ઉજવણી દેશની યુવા પેઢીને દેશની આઝાદી માટે સર્વોચ્ચ બલિદાન આપનારા લડવૈયાઓની ગાથાથી પરીચિત કરાવશે. ભારતની આઝાદી માટે અનેક વિરલાઓએ પોતાના બલિદાનોને આપ્યા છે ત્યારે ૭૫ વર્ષની ભવ્ય ઉજવણીથી તેમના બલિદાનો–સ્વાભિમાનની ગાથાથી આવનારી પેઢી સંસ્કારિત–પ્રેરિત થશે. દેશની નવી પેઢીને ભારતના ભવ્ય ઐતિહાસિક વારસાથી અવગત કરાવવાની આપણી નૈતિક જવાબદારી હોવાનું જણાવતા તેમણે આ અવસર રાષ્ટ્રચેતનાને જગાડવાનો અને તેમ કરી દેશને વિકાસની નવીન ઉંચાઈએ પહોંચાડવાનો હોવાનું ઉમેર્યું હતું.

આ દેશભક્તિના અવસરની ઉજવણી પ્રસંગે મંત્રી પરમારે જણાવ્યું કે, પૂજ્ય ગાંધી બાપુએ આજના દિવસે એટલે તા. ૧૨ માર્ચ–૧૯૩૦ના રોજ અમદાવાદથી દાંડીયાત્રા શરૂ કરી દાંડી પહોંચી મીઠાનો સત્યાગ્રહ કર્યો હતો અને બ્રિટીશ સામ્રાજ્યને લૂણો લગાડ્યો હતો. આપણને આઝાદી મળી તેના ૭૫મા વર્ષમાં પ્રવેશ થયો છે ત્યારે આજે આપણી ગુજરાતની ધરતીના સપૂત અને લોકપ્રિય વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતના આંગણે અમદાવાદ સાબરમતી આશ્રમથી દાંડીયાત્રાનો પ્રારંભ કરાવ્યો છે. તેમણે કહ્યું કે આપણા દેશની મહામૂલી આઝાદી માટે અનેક સ્વાતંત્ર્ય વીરો, પૂજ્ય મહાત્મા ગાંધીજી, સરદાર વલ્લભભાઈ પટેલ, જવાહરલાલ નહેરૂ, વીર સાવરકર, સહિતના નેતાઓએ ખુબ સંઘર્ષ કરી આઝાદી અપાવી છે તે તમામને વંદન કરી શ્રધ્ધાસુમન અર્પણ કરૂછું. વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીના નેતૃત્વમાં આત્મનિર્ભર, શિક્ષિત અને શક્તિશાળી રાષ્ટ્રનું નિર્માણ થઇ રહ્યું છે. આઝાદીમાં ગુજરાતીઓના યોગદાનની વાત કરતાં તેમણે જણાવ્યું કે, આઝાદી સમયે અમદાવાદનો સાબરમતી આશ્રમ આઝાદીનું કેન્દ્રબિંદુ હતો અને આજે આઝાદીના અમૃત મહોત્સવની રાષ્ટ્રવ્યાપી ઉજવણીનો પ્રારંભ પણ ગુજરાતથી થઇ રહ્યો છે જે આપણા માટે આનંદ અને ગૌરવની બાબત છે. તેમણે ઉમેર્યુ કે આપણા સંવેદનશીલ મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણીના નેતૃત્વમાં સૌનો સાથ, સૌનો વિકાસ અને સૌના વિશ્વાસથી ગુજરાતની વિકાસયાત્રા તમામ ક્ષેત્રોમાં અવિરતપણે આગળ વધી છે જેનાથી ગુજરાત દેશના ગ્રોથ એન્જીન સાથે વિકાસનું ઉત્તમ મોડલ બન્યું છે. ગુજરાત સ્વરાજની લડતમાં અગ્રેસર રહ્યું હતું અને હવે સુરાજની ક્રાંતિમાં પણ અન્ય રાજ્યો માટે પથદર્શક બનશે તેમ તેમણે ઉમેર્યું હતું. પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીની ઉપસ્થિતિમાં અમદાવાદના સાબરમતી આશ્રમ ખાતે આયોજિત કાર્યક્રમનું જીવંત પ્રસારણ ઉપસ્થિત મહાનુભાવોએ નિહાળ્યું હતું.

જિલ્લા કલેકટર અમિત અરોરાએ કાર્યક્રમની શરૂઆતમાં મહાનુભાવોનું શાબ્દિક સ્વાગત કર્યું હતું. મામલતદાર એસ.એન. કટારાએ કાર્યક્રમની આભારવિધી કરી હતી. આ પ્રસંગે જિલ્લાના પોલિસ વડા ડો. લીના પાટિલ, પ્રાંત અધિકારી એ.કે. ગૌતમ, હાલોલ નગરપાલિકા પ્રમુખ વિભાક્ષીબેન દેસાઈ, સહકારી સંઘના પ્રમુખ મયુરધ્વજસિંહ પરમાર સહિત સંગઠનના અગ્રણીઓ, નાગરિકો મોટી સંખ્યામાં અને કોરોના વિષયક ગાઈડલાઈનના પાલન સાથે ઉત્સાહપૂર્વક ઉપસ્થિત રહ્યા હતા.



મોરવા હડફ ખાતે ભારતની સ્વતંત્રતા આઝાદીનાં ૭૫ વર્ષ પૂર્ણ થવાના અવસરે આઝાદી કા અમૃત મહોત્સવની રાષ્ટ્રીય વ્યાપી ઉજવણીનો કાર્યક્રમ ઉજવ્યો હતો. દેશની સ્વતંત્રતા આઝાદી ૭૫મી વર્ષગાંઠની રાષ્ટ્ર વ્યાપી ઉજવણીના ભાગરૂપે સાંસદ રતનસિંહ રાઠોડની પ્રેરક ઉપસ્થિતમાં મોરવા હડફ સાયન્સ કોલેજ ખાતે યોજાયો હતો.



ગોધરા ઐતિહાસીક ભૂમિ છે. ગાંધીજી થી માંડીને સરદાર, ઠક્કર બાપા જેવા સેવા ભાવીઓની કર્મભૂમિ ગોધરા રહી છે. આઝાદીના ૭૫ વર્ષ દેશ ઉજવી રહ્યું છે અને અત્યારે દાંડીયાત્રાના સંસ્મરણોરૂપ ગોધરાના ચાંચર ચોકની દિવાલ આ ઐતિહાસીક પ્રસંગને કંડારવામાં આવેલ છે. આઝાદીના ૭૫ વર્ષ વિત્યાના આ ગૌરવરૂપ પ્રસંગે ભાજપના તથા તંત્રના આયોજકો એ આ સ્મરણ તસ્વીરને ભૂલ્યા છે. જેનાથી રાષ્ટ્રપ્રેમીઓમાં નારાજગી વ્યાપી છે.

## દાંડીયાત્રાના અમૃત મહોત્સવ નિમિતે પંચમહાલના દાંડીયાત્રીઓના સુર્વણ સંભારણા




ગોધરા,

હાલમાં ભારત ૭૫મી આઝાદીની ઉજવણી કરી રહ્યું છે. ત્યારે પ્રધાનમંત્રી એ આઝાદીની ઉજવણીની ભાગરૂપ ગાંધીજી એ કરેલ દાંડીયાત્રાનું શુભારંભ કર્યો છે.

દાંડીયાત્રામાં ૫૦ વર્ષની ઉજવણી નિમિતે સમગ્ર દેશમાં ૮૧ પૈકી પંચમહાલ જીલ્લાના અનેક દાંડીયાત્રીઓ જોડાયા હતા. આ દાંડીયાત્રાઓ હાલમાં ઐતિહાસીક સ્મરણો તાજા કરી રહ્યા છે. અને ગુજરાત મોરી મોરીના સ્મરણોના ગાથા ગાઈ રહ્યા છે.

## કાલોલના અલીન્દ્રા ગામે સરગવાના ઝાડ પરથી નીચે પટકાતા ૫૦ વર્ષીય આધેડનું મોત

કાલોલ,

કાલોલ તાલુકાના અલીન્દ્રા ગામે ૫૦ વર્ષીય આધેડ પોતાના ખેતરમાં સરગવાના ઝાડ ઉપર સીંગો પાડવા ચડેલ હોય દરમ્યાન ડાળ તુટી નીચે પટકાતા ગંભીર ઈજાઓ થતાં મોત નિપજાવા પામ્યું છે. પ્રાપ્ત વિગતો પ્રમાણે કાલોલ તાલુકાના અલીન્દ્રા ગામે રહેતા વિક્રમભાઈ શીવાભાઈ ચાવડા ઉ.વ.૫૦ પોતાના ખેતરમાં સરગવાના ઝાડ ઉપર સરગવાની સીંગો પાડવા ચડેલ હતા. દરમ્યાન ઝાડનું ડાળ તુટીને સાથે નીચે પડતા શરીરે ગંભીર ઈજાઓ થતાં ઘટના સ્થળે મોત નિપજાવા પામ્યું. આ બાબતે કાલોલ પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી.

# ગોધરા સરકારી ઈજનેરી કોલેજમાં આઝાદીના અમૃત પર્વ નિમિતે કાર્યક્રમ યોજાયો

ગોધરા,

સરકારી ઇજનેરી કોલેજ, ગોધરા મા આઝાદી ના અમૃત પર્વ નિમિતે આગામી સમય મા વિવિધ કાર્યક્રમો યોજવાના છે. જેના ઉપક્રમે DTE-ગાંધીનગર કચેરી ના માર્ગદર્શન હેઠળ, સંસ્થા ના વડા પ્રો એ કે પટેલની આગેવાનીમાં આજરોજ અમદાવાદના ખુબ જ જાણીતા life coach and Motivational સ્પીકર દિપક પંડ્યાનો



ઓનલાઈન સેશન ‘‘સ્વતંત્ર ભારતના નાગરિક ને મળેલા મૂળભૂત હકો અને ફરજો ’’ ઉપર યોજાયેલ હતો. જેમાં ૬૫ કરતા વધારે વિદ્યાર્થી ઓ તેમજ અધ્યાપકો એ ભાગ લીધો હતો. દિપક પંડ્યા 1+લાઈફ સ્કિલ્સ એકેડમીના ડિરેક્ટર પણ છે. વ્યવસાયે પ્લાસ્ટિક એન્જિનિર હોવા છતાં LIFE COACH TRAINING INSTITUTE, CALIFORNIA USA માંથી cerified Life coach છે. દિપક પંડ્યાના આ ઓનલાઈન વકતવ્યનું મિકેનિકલ વિભાગના પ્રો.હાર્દિક શુકલ અને ફિઝિક્સ ના ડો.અમિત.જે. પટેલે કોર્ડિંશન કર્યું હતું. પ્રો.હાર્દિક શુકલ એ જણાવ્યું હતું કે, દિપક પંડ્યા નિયમિત રીતે વિનામૂલ્યે ઓનલાઇન મોટીવેશનના કાર્યક્રમ કરતા હોય છે. જેનો લાભ અમારી સંસ્થાના વિદ્યાર્થી ઓ પણ લે છે.

પંડ્યા ખુબ સરસ રીતે ભારત ની આઝાદી નો ઈતિહાસ, દાંડી માર્ચનું મહત્વ, ભારતીય નાગરિકો ને બંધારણમાં મળેલા મૂળભૂત હકો અને નાગરિકો ની ફરજો વિશે ખુબ જ વિસ્તૃત માહિતી આપી હતી. તેમણે આ અંગે ખુબ ઝીણવટભરી વિગતો આંકડા સહીત રજુ કરી હતી. સંસ્થાના પ્રિન્સિપાલ પ્રો. એ.કે.પટેલે પંડ્યા નો આભાર માન્યો હતો અને સંસ્થામાં થતી વિદ્યાર્થીલક્ષી પ્રવુતિઓની માહિતી આપી હતી.

આ ઉપરાંત NSS યુનિટ ના ઈન્ચાર્જ પ્રો. એન. જે. પરમાર , પ્રો. એસ. એલ. પંચાલ, પ્રો. નીતિ દેસાઈ, પ્રો.રાકેશ સોની, પ્રો.ભાર્ગવ ઉપાધ્યાય, પ્રો.અલ્પેશ મેહતા, પ્રો. મનીશ પોમલ, પ્રો. જી.એ.રાઠવા વિગેરે નો પણ આયોજન માં સહકાર મળ્યો હતો.

## ગોધરા શહેરના યુવાનો દ્વારા ધૈર્યરાજ માટે ચેરિટી બોક્સ તૈયાર કરીને અલગ-અલગ જગ્યાએ મુકાયા



ધૈર્યરાજ માટે ગોધરા શહેરના યુવાનોના એક ગ્રુપ દ્વારા અનોખું અભિયાન શરૂ કરવામાં આવ્યું છે. જેમાં આ ગ્રુપ દ્વારા ગોધરા શહેરમાં આવેલી વિવિધ દુકાનો પર ચેરિટી બોક્સ મૂકવામાં આવ્યા છે. ગતરોજ શિવરાત્રિને લઈને તમામ શિવાલયોમાં આ યુવાનો દ્વારા ચેરિટી બોક્સ મૂકવામાં આવ્યા હતા. આમ, આ યુવાનો દ્વારા કરવામાં આવેલી અનોખી પહેલને ગોધરાવાસીઓ દ્વારા આવકારવામાં આવી છે.

ગોધરા,

ગોધરા શહેરના બામરોલી રોડ પર આવેલી સોસાયટીમાં રહેતા ધૈર્યરાજસિંહ રાઠોડ નામના ચાર માસના બાળકને જખઅ ૧ નામની ગંભીર બીમારી છે. જેની સારવાર માટે અંદાજે ૧૬ કરોડ જેટલો ખર્ચ થાય છે. ત્યારે આટલો ખર્ચ મદયમ વર્ગને પરવડે તેમ નથી. ત્યારે લોકો દ્વારા સ્વૈચ્છાએ ચાર માસના ધૈર્યરાજ માટે અનુદાન આપવામાં આવી રહ્યું છે. મદ્ય ગુજરાતના તમામ ધારાસભ્યો દ્વારા પણ અનેક પ્રકારે પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. ત્યારે

## પંચમહાલમાં કોરોનાના નવા ૬ કેસ

ગોધરા,

પંચમહાલ જિલ્લામાં આજે કોરોનાના નવા ૦૬ પોઝિટિવ કેસ મળી આવ્યા છે. આ સાથે જિલ્લામાં કુલ કોરોના કેસોની સંખ્યા ૪૦૯૭ થવા પામી છે. જયારે જિલ્લામાં સક્રિય કેસોની કુલ સંખ્યા પર થઈ છે, જેમની સારવાર હાથ ધરવામાં આવી રહી છે. શહેરી વિસ્તારોમાં આજે મળી આવેલા કેસો પૈકી ગોધરા શહેરમાંથી ૦૪ અને હાલોલમાંથી ૦૧ કેસ મળી આવ્યા છે. શહેરી વિસ્તારોમાં કોરોનાના કુલ કેસોની સંખ્યા ૩૦૪૮ થવા પામી છે. જ્યારે ગ્રામ્ય વિસ્તાર એવા કાલોલ માંથી ૦૧ કેસ મળી આવતા અત્યાર સુધીમાં ગ્રામ્ય વિસ્તારોમાં કુલ ૧૦૪૯ કેસો મળી આવ્યા છે. આજે કુલ ૦૮ દર્દીને સારવાર બાદ રજા આપવામાં આવી છે. આ સાથે રજા મેળવનારા કુલ વ્યક્તિઓની સંખ્યા ૩૯૦૪ થવા પામી છે. જિલ્લામાંથી અત્યાર સુધી નોંધાયેલ કુલ કેસોની સંખ્યા ૪૦૯૭ થવા પામી છે.

## મોરવા(હ)ના પરબીયા ગામે ૩ વર્ષીય બાળક ટ્રેકટરના વ્હિલ નીચે આવી જતાં મોત

મોરવા(હ),

મોરવા(હ) તાલુકાના પરબીયા ગામે ૩ વર્ષીય બાળક રેતીના ઢગલામાં રમતું હતું. દરમ્યાન ટ્રેકટર પુરઝડપે આવતું હોય તે જોઈ દોડવા જતાં ટ્રેકટરના ટાયર નીચે આવી જતાં મોત નિપજાવા પામ્યું.

પ્રાપ્ત વિગતો પ્રમાણે મોરવા(હ) તાલુકાના પરબીયા ગામે રહેતા રાજેશભાઈ પણદાનો ૩ વર્ષીય બાળકી પ્રાર્ચી રેતીના ઢગલામાં રમતી હતી. દરમ્યાન ટ્રેકટર નંબર જીજે.૨૦.એએચ.૩૮૭૭નો ચાલક પુરઝડપે હંકારી લાવતો હતો. તે જોઈ ૩ વર્ષીય બાળકી દોડીને નિકળવા જતાં ટ્રેકટરના પાછળના ટાયર નીચે આવી જતાં માથાના ભાગે ગંભીર ઈજાઓ થવાથી મોત નિપજાવા પામ્યું. આ બાબતે મોરવા(હ) પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

## ઘોઘંબાના ગોયાસુંડલ જંગલમાંથી ૫૪ હજારનો દારૂ ઝડપ્યો

ઘોઘંબા,

ઘોઘંબા તાલુકાના ગોયાસુંડલના તલવરીયા જંગલમાં ઈંગ્લીશ દારૂનો જથ્થો લાવી સગેવગે કરતા હોય તેવી બાતમીના આધારે રેડ કરી ૫૮,૪૪૦/–રૂપીયાના દારૂના જથ્થા સાથે એક ઈસમને ઝડપી પાડવામાં આવ્યો છે.

પ્રાપ્ત વિગતો પ્રમાણે ઘોઘંબા તાલુકાના ગોયાસુંડલના તલવારીયા જંગલમા અરવિંદ મણીલાલ રાઠવા, ભોદુભાઈ લીમજીભાઈ રાઠવા મોટર સાયકલ ઉપર ઈંગ્લીશ દારૂનો જથ્થો લાવી સગેવગે કરી રહ્યા છે. તેવી બાતમીના આધારે પોલીસે રેડ કરી હતી. રેડ દરમ્યાન ઈંગ્લીશ દારૂ ૫૮,૪૪૦/–રૂપીયાના જથ્થા સાથે એક ઈસમને ઝડપી પાડવામાં આવ્યો. આ બાબતે રાજગઢ પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ.

## હાલોલના મદાર ગામે અજાણ્યા વાહનની અડફેટે તાજપુરાના બાઈક સવારનું મોત

હાલોલ,

હાલોલ તાલુકાના મદાર ગામ નજીક બાઈક ચાલકને અજાણ્યા વાહને અડફેટમાં લેતા બાઈક ચાલકનુ ઘટના સ્થળે મોત નીપજ્યું હતુ.

હાલોલ તાલુકાના જુના તાજપુરા ખાતે રહેતા વીપીનભાઈ રમણભાઈ ચૌહાણ(ઉ.વ.૩૪)નાઓ મોટર સાયકલ લઈ મદાર ગામેથી રામેસરાથી બાસ્કા તરફ જવાના રસ્તા ઉપર પસાર થઈ રહ્યા હતા. દરમિયાન કોઈ એક અજાણ્યા વાહને વિપીનભાઈ ચૌહાણની બાઈકને અડફેટમાં લેતા તેઓ રોડ પર ફસડાઈ પડ્યા હતા. બનાવને લઈ લોકટોળા એકત્રિત થયા હતા. ઈજાગ્રસ્ત વિપીનભાઈને ૧૦૮ એમ્બ્યુલન્સ દ્વારા હાલોલ રેફરલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. જ્યાં તેઓને સારવાર મળે તે પહેલા તેઓનુ મોત નીપજ્યું હતુ. અકસ્માતની જાણ મૃતકના ભાઈ નિરેશભાઈ રમણભાઈ ચૌહાણના ઓએ હાલોલ રૂરલ પોલીસને કરવામાં આવતા પોલીસ ઘટના સ્થળે પહોંચી તપાસ બાદ કોઈ અજાણ્યા વાહન સામે અકસ્માતનો ગુનો નોંધી મૃતક વિપીનભાઈ ચૌહાણના મૃતદેહને હાલોલ રેફરલ હોસ્પિટલ ખાતે પોસ્ટમોર્ટમ કરાવી તેમના પરિવારજનોને સોંપ્યો હતો.